Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५१. मार्गशिर्ष. आत्म सं. २९ | अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ મહાવીર પ્રભુને વિનંતિ. ... | ૧૦૭ | ૭ દેવપૂજા. ... ... ... ... | ૧૨૪ |
| ૨ શ્રીયોગપ્રદીપસ્ય ભાષાનુવાદ.... | ૧૦૯ | ૮ યેહી વીરકે બાલ. ( પદ્ય ) ... | ૧૨૫ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. ... ... | ૧૧૩ | ૯ વર્તમાન સમાચાર—આચાર્ય પદા-રોહણ—માળારોપણુ અને વાસ્તુ-મહોત્સવ. ... ... ... | ૧૨૬ |
| ૪ શ્રી જૈનાચાર્ય ચરિત્ર.... ... | ૧૧૮ | | |
| ૫ ઉપદેશક પદ્ય. ... ... ... | ૧૨૦ | | |
| ૬ જ્ઞાનપ્રાપ્તિ માટે સ્વલ્પ સૂચના... | ૧૨૧ | ૧૦ સ્વીકાર—સમાલોચના...., ... | ૧૨૯ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.
આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

આ સભા તરફથી કોઇપણ ગ્રંથ છપાઇ તૈયાર થાય કે જૈન સમાજની જાણ માટે આ માસિકમાં તરત જ તેની જાહેરખબર, સમાજ તે ગ્રંથોનો લાભ લે તે માટે અપાય છે. જે વાંચી અમારા સુજ્ઞ લાઇફ મેમ્બરો તે ગ્રંથ ભેટ મંગાવવા અમોને લખે છે, પરંતુ તેવે દરેક વખતે એક એક ગ્રંથ છપાતાં આ સભામાં મોટી સંખ્યામાં લાઇફ મેમ્બરો હોવાથી મોકલાતા નથી. કારણકે તેથી લાઇફ મેમ્બરોને પોસ્ટનો ખર્ચ વારંવાર થાય છે, જેથી ઓછામાં ઓછાં ત્રણ ગ્રંથો કે તેથી વધારે પ્રગટ થાય ત્યારે સાથે જ લાઇફ મેમ્બરોને મોકલવા માટે પ્રથમ આ માસિકમાં જાહેર ખબર અપાય છે, પછી વગર મંગાવે પણ ઘેર બેઠાં તે જાહેર ખબરમાં લખેલા ગ્રંથો અમારા લાઇફ મેમ્બરોને દરવખતે આજે ઘણા વર્ષોથી મોકલાય જ છે. તેથી એક એક ગ્રંથની જાહેર ખબર માસિકમાં આવે, તેથી અમારા માનવંતા લાઇફ મેમ્બરોએ ભેટ નહીં મંગાવતાં, જ્યારે લાઇફ મેમ્બરોને ભેટ આપવાના જાહેર ખબર આ માસિકમાં આપવામાં આવે ત્યારે મંગાવવા કૃપા કરવી. (કોઇપણ લાઇફ મેમ્બરને એક પણ પુસ્તક તેમના લખ્યા સિવાય પણ દરેક વખતે આ સભા મોકલી આપે જ છે)

---

જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

# શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું અપૂર્વ નવ ભવનું ચરિત્ર, સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવોનું વર્ણન, અતુલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાનો અદ્દભુત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્દભૂત જીવન વૃતાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપુર, સુંદર ટાઇપ, સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતા આલ્હાદ ઉત્પન્ન થાય છે કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

---

જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર. )

## ભાગ ૧ લો તથા ભાગ બીજો.

( અનુવાદકઃ—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી )

પ્રભુના જન્મ મહોત્સવ વગેરે કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપેલ છે. જેમાં તત્ત્વજ્ઞાનનો બોધ એવો આપવામાં આવેલ છે અને તેની અલૌકિક રચના એવી છે કે આ ચરિત્ર ઉત્તમ શૈલીનું છે એમ વાચકવર્ગને નિસંદેહ જણાય છે.

શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણું જ વિશાળ રીતે આપેલ છે, જે બીજે સ્થળે આટલું વિસ્તાર પૂર્વક મળવા અસંભવ છે; એટલુંજ નહિ પરંતુ તે કથાઓમાં બુદ્ધિનો મહિમા–સ્વાભાવનું વિવેચન, અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते? जो गिलाणं पडियरइ से धरणो उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते? एवं वुच्चई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेण-ट्ठेणं गोयमा! एवं वुच्चइ–जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५१ मार्गशीर्ष आत्म संवत् २९. [ अंक ५ मो.

## મહાવીર પ્રભુને વિનંતિ.

### પોતાનાં પાપકર્મોનું પ્રભુને નિવેદન.

( દેશી—ઓધવજી સંદેશો કેજ્યો. )

વીર જીનેશ્વર શરણું છે હવે તાહરૂં,
આપ વિના નહિ મારે કો આધાર જો;
કરી કરૂણા નિજ સેવક સન્મુખ ભાળજ્યો,
કરગરી કહું કરજોડી દિનદયાળ જો. વીર૦ ૧

આ ભવમાં મેં પાપ કરમ કીધાં ઘણાં,
તુમ આગે જે કહેતાં આવે લાજ જો;
જાણો છો સઘળું જ્ઞાને જિનરાજજી,
તો પણ સંક્ષેપે કહું છું હું આજ જો. વીર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ તણા વધ ચિત્તે ચિંતવીયા ઘણા,
પંચેંદ્રિ આદિના તે નહિ પાર જો;
તીરથની કીધી મેં અતિ આશાતના,
જ્ઞાન ગુરુ દેવોની વારંવાર જો. વીર૦ ૩

દેવ ગુરુનું બુરૂ બહુ મેં ચિંતવ્યું,
જે કહેતાં મુખડું મારૂં શરમાય જો;
સતીયોનાં શિયળવ્રત મનથી મેં ભાંગીયાં,
પરરમણીમાં મનડું બહુ મલકાયજો. વીર૦ ૪

નિજ નારીમાં પણ સંતોષ ન રાખીયો,
પાળ્યું નહિ શિયળવ્રત મેં નિર્ અતિચારજો;
પ્રીતે વ્રત પચ્ચખાણ નહિં મેં પાળીયાં,
વિસાર્યાં ભાંગ્યાં તે વારંવાર જો. વીર૦ ૫

મોહ્યો બહુ મિથ્યાત્વે મારા નાથજી,
અજ્ઞાને થઈ અંધ, અરે ! અરિહંત જો;
તું નિર્દોષી દેવ નહિ મુજને ગમ્યો,
બોધીદાયક ભવભંજન ભગવંત જો. વીર૦ ૬

વચને કેઇક જુઠ વચન વદીયાં ઘણાં,
પર નિંદા કીધી પ્રેમે બહુ વાર જો;
ક્રોધ માન માયા લોભે વશ હું પડી,
પગલે પગલે કર્યાં કુકર્મ અપાર જો. વીર૦ ૭

ઇર્ષ્યાએ મેં પરને આળ ચઢાવીયાં,
વ્યસનને વશ પડીયો હે જગતાત જો;
નિશદિન મદમાં અક્કડ થઇને હું ફરૂં,
વિષયોમાં આસક્ત રહું દિનરાત જો. વીર૦ ૮

એ વિણ કર્મ અશુભ કીધાં બીજાં બહુ,
કહેતાં નાવે પાર હે મારા નાથ જો;
અલ્પ નહિ ગુણ મુજમાં અવગુણ અતિ ભર્યા,
શી રીતે ભવજલનો પામીશ અંત જો. વીર૦ ૯

પાપીમાં હે પ્રભુજી ! હું શિરોમણી,
પણ સ્વામિજી ! નામ ધરાવું દાસ જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂણાવંત કરી કરૂણા ઉદ્ધારજો,
. માફ કરી અવગુણ સહુ પુરજો આસ જો. વીર૦ ૧૦
નિર્મલ મેં નિરખ્યા ગુણ બારે શોભતા,
અષ્ટાદશ દોષે ખાલી જીનરાય જો;
સેવકને શરણું છે એકજ આપનું,
ભવોભવ કરજો સ્હાય પ્રભુ સુખદાય જો. વીર૦ ૧૧

શાહ ઝવેર છગનલાલ–સુરવાડા.

## ( જેનું પવિત્ર નામ જાણવામાં નથી એવા કોઇક ) પૂર્વ મહાપુરૂષ પ્રણીત શ્રી યોગ પ્રદીપસ્ય ભાષાનુવાદ.

લેખક—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી ( ભાવનગર–દાદાસાહેબ )

૧ હે ભવ્યાત્મા ! જ્યાં સુધી તું રોગથી ન ઘેરાય, જરા અવસ્થા આવી ન પહોંચે અને આયુષ્ય આબાદ હોય–ક્ષીણ થઇ ન જાય ત્યાં સુધીમાં તું કલ્યાણ સાધી લે.

૨ " વર્તમાન સ્થિતિ શું કારણથી પ્રાપ્ત થઇ છે ? હવે પછી કઇ ગતિમાં ગમન કરીશ ? કઇ ગતિમાંથી અત્યારે આવવું થયેલ છે ? કોણ મારા ઉપકારી બંધુ છે, અને હું કોને કોને ઉપકારી થઇ આલંબન આપી શકું છું ? " એ રીતે આત્મ–ચિન્તવન કરવું જોઇએ.

૩ કલ્યાણ અર્થી જીવો તીર્થસેવાને ઇચ્છે છે ખરા, પરંતુ કલેશના કારણરૂપ થવા પામે એવાં તીર્થોવડે શું વળે ? શરીર મધ્યે રહેલું ધર્મતીર્થ સમસ્ત તીર્થથી અધિક છે; સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ ધર્મથી પવિત્ર આત્મા સર્વોપરિ સત્ય ભાવ તીર્થ છે એમ મહાપુરૂષોનું કથન છે.

૪ " આ તીર્થ છે " આ તીર્થ છે એમ જાણી જે ફર્યા કરે છે તે જ્ઞાન ધ્યાન વગરના રહી જાય છે, પવિત્ર તીર્થભૂમિમાં જઇને પણ જ્ઞાનધ્યાન વ્રત નિયમનું સેવન કરી, તેમાં વધારો કરવા ખાસ પ્રયત્ન આદરવો જોઇએ. નહીંતો વિવેકશૂન્યપણે કેવળ પરિભ્રમણ કરવાથી શો ફાયદો--શી સફળતા થાય ? આવા પવિત્ર આશ-મથીજ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ આત્મા એજ ઉત્તમ જનોને મન સત્ય ભાવ-તીર્થ રૂપ છે.

૫ જન્મથી માંડી ઉપાર્જન કરેલાં સકળ સુકૃત્ય (પુન્ય) ને કાયામાં રહ્યો રહ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાઈ જતો આ દુષ્ટ પ્રમાદ-આત્મા રૂપી પ્રસિદ્ધ ચોર ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ એ કોઇ પણ જોઇ શકતા નથી એ સખેદ ભારે આશ્ચર્યકારક છે.

૬ નહીં જેવી કિંમતી વસ્તુ ચોરાઈ જતાં, લોકો ચોરની તપાસ કરવા માંડે છે, પરંતુ અનંત જ્ઞાન-દર્શન ચારિત્ર રૂપ નિજ સ્વરૂપ સર્વસ્વને છુપી રીતે ચોરી જતા દુષ્ટ મન રૂપી ચોરને અજ્ઞાન લોકો જોઈ શકતા નથી, એ ઓછા શોચની વાત નથી.

અત્ર જ્ઞાનીનું કર્તવ્ય બતાવે છે:—

૭ તેથીજ કાયારૂપી કિલ્લામાં આશ્રય કરી રહેલા પોતાના અજ્ઞાનાચ્છાદિત આત્માને મુમુક્ષુ જનોએ સમતા-સામાયિક સમભાવ રૂપ દીપકની સહાય વડે સદા જોવો-જાણવો-અનુભવવો જોઇએ.

૮ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્યને ઉપયોગરૂપ આત્માજ સુપ્રસન્ન-સારી રીતે ખીલ્યો-વિકસ્યો છતો અહીંજ સ્વર્ગાદિક સદ્‌ગતિરૂપ વખાણ્યો છે, પરંતુ એથી અન્યથા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ જનિત રાગ દ્વેષાદિક વિભાવરૂપે પરિણામ પામેલો અપ્રસન્ન-કષાય કલુષિત આત્માજ પોતે અહીંજ નરકાદિક નીચ ગતિરૂપ કહ્યો છે એ સંશય વગરની સાચી હકીકત છે.

૯ જેના દર્શનની વાંછાવડે લોકો " અહીં તીર્થ અહીં તીર્થ " કરી રહ્યા છે તે આત્મ દેવને અહીંજ દેહ મંદિરમાં વસતો છતો તેઓ દેખી શકતા નથી. ફક્ત જ્ઞાની-યોગી પુરૂષોજ તેને દેખી શકે છે.

૧૦ દેવ દર્શન નિમિત્તે લોકો ઠેકાણે ઠેકાણે દુનિયામાં ભમ્યા કરે છે, પરંતુ જડબુદ્ધિવાળા તે બાપડા સ્વશરીરમાંજ વસી રહેલા આત્મ દેવને ઓળખી શકતા નથી.

૧૧ મુમુક્ષુ જનોએ તો સર્વ ધાતુ-વિકાર વગરના અને કર્મ કલંક વગરના જ્ઞાન સ્વરૂપી નિરંજન આત્માનેજ ધ્યાવવો-ચિન્તવવો-અનુભવવો જોઈએ.

૧૨ સદા સંતોષ-અમૃતનું આસ્વાદન કરનારો, શત્રુ-મિત્ર ઉપર સમભાવ રાખનારો સુખ-દુઃખમાં નહીં મુંઝાતા નર્લેપ રહેનારો અને રાગ દ્વેષથી સુદૂર-વિમુખ રહેનારો,

૧૩ સૂર્ય ને ચંદ્રમા જેવો શોભાયુકત, સ્વર્ગ મૃત્યુને પાતાળવાસી સહુને ઉપકારક, અક્ષય આનંદ સુખથી ભરેલો એવો નિજ આત્મા મુમુક્ષુ જનોએ સદાય ધ્યાવવો જોઈએ.

૧૪ શુદ્ધ સ્ફાટિક રત્ન જેવો ઉજ્વળ, સર્વજ્ઞ સરખા ગુણોથી ભૂષિત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મા યોગ્ય સકળ કળાયુક્ત એવો નિજ આત્મા સુબુદ્ધિશાળી જનોએ ધ્યાવવો–ચિન્તવવો જોઈએ.

૧૫ રૂપાતીત ધ્યાનમાં મુમુક્ષુ જનોએ બીજાં ગમે એવા સારાં સુંદર દૃશ્ય આલંબનો તજીને પરમાત્મા સરખી શક્તિ–સંપત્તિ અનંત ગુણ સમૃદ્ધિના ધારક નિજ આત્માનુંજ ધ્યાન કરવું જોઈએ.

૧૬ એ રીતે સતત્ અભ્યાસવાળા રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન યોગ વડે યોગી પુરૂષો નિજ શરીરમાં સ્થિતિ કરી રહેલા આત્માને યથાવસ્થિત અવલોકી શકે છે–અનુભવી શકે છે.

૧૭ જેણે સત્વ, રજો ને તમોગુણ–સ્વભાવ રહિત આત્માને યથાર્થ ઓળખ્યો–અનુભવ્યો ન હોય તેનેજ તીર્થ તથા પ્રભુ પૂજાદિક કરવા ઘટે. સિદ્ધ યોગીઓને તેની જરૂર રહેતી નથી.

૧૮ આત્મજ્ઞાન પરમતીર્થ રૂપ છે. બાહ્ય જળ માત્ર તીર્થ કહેવાય નહીં, કારણ કે નિજ આત્મજ્ઞાન વડે જે શૌચ–શુદ્ધિ થાય છે તે શૌચ–શુદ્ધિજ ઉત્તમ કહેલી છે.

૧૯ સર્વ ધર્મ–કાર્યોમાં આત્મજ્ઞાન પ્રધાન ધર્મ–કાર્ય છે, અને સર્વ વિદ્યામાં આત્મજ્ઞાન પ્રધાન છે, કેમકે એ આત્મજ્ઞાનથીજ શાશ્વત અજરામર પદ રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૨૦ આત્મજ્ઞાન વગર ગમે એવા આકરાં તપ તપવાથી અને દુષ્કર વ્રત નિયમોનું પાલન કરવાથી યોગી પુરૂષોનો પણ મોક્ષ થતો નથી. તોપછી બીજા સામાન્ય જીવોનું તો કહેવુંજ શું ? ખરેખર આત્મજ્ઞાનજ મોક્ષ સાધક બને છે. એટલે કે આત્મજ્ઞાન સહિત કરેલી સકળ કરણી મોક્ષદાયક થઈ શકે છે,

૨૧ સર્વ ધર્મમય, જ્ઞાનાદિ ગુણયુક્ત, અને સર્વવર્ણ રહિત આ આત્માને જે ઓળખી–અનુભવી શકે છે તેને જન્મ–મરણ કરવા પડતા નથી.

ભાવાર્થ—આત્મધર્મમાં સર્વ ધર્મ સાધનનો સમાવેશ થઇ જાય છે, કેમકે સર્વ ધર્મ સાધન આત્માની પ્રાપ્તિ માટે છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ભાવ લક્ષ્મીથી યુક્ત છે. તેમજ આત્મા અરૂપી હોવાથી પંચવિધ રક્ત, પીત, શ્વેતાદિક વર્ણ વગરનો છે એમ અનેક રીતે આત્માની ઓળખાણ અને પ્રતીતિ કરીને તેનો અનુભવ કરે તેનાં જન્મ મરણનાં દુઃખ ટળી જાય છે. પરંતુ પરવસ્તુમાં લાગેલી અનંતી પ્રીતિ તજાય તોજ આત્માનુભવ થઈ રહે છે.

૨૨ એ રીતે સ્વદેહમાં સ્થિતિ કરી રહેલા પોતાના અરૂપી આત્માનું ધ્યાન ( એકાગ્રતાથી ચિન્તવન ) કરીને પરમપદને પામેલા નિરંજન પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૩ તીવ્ર વૈરાગ્ય ભીની દૃષ્ટિથી, દુનીયાના સર્વ દ્રશ્ય પદાર્થોની અસારતાનો નિશ્ચય કરીને યોગી પુરૂષ જન્મ મરણુની જંજાળમાંથી છુટવા માટે પરમપદને પામેલા પરમાત્માનેજ કેવળ સાર રૂપ જાણે, જોવે ને અનુભવે.

કેવા દેવનું આલંબન લેવું યુકત છે તે કહે છે.

૨૪ શંકર કે જિનેશ્વર કે જે જેને સદા પ્રિય માનનીય હોય તે એક શાંત સિદ્ધથયેલ પ્રભુનું શરણુ લેવું.

૨૫ સુર-અસુર અને નર નાયકો વડે પૂજાયેલા, સર્વ જગ જીવને હિતકારી અને સર્વ દોષ-રાગ દ્વેષ મોહથી સર્વથા મુકત થયેલા દેવાધિદેવ કહ્યા છે. તેમજ વળી—

૨૬ સારી નરસી ગતિદાયક પુન્ય પાપના માર્ગની પેલીપાર ગયેલા-સ્વ-સ્વરૂપમાં રહેલા, જન્મ મરણુનો નાશ કરનારા, બાહ્ય દૃષ્ટિવાળા અજ્ઞાની જીવોને અગમ્ય (નહીં ઓળખાય એવા) અને અંતર્દ્રષ્ટિવાળા જ્ઞાની વિવેકી જનોને ગમ્ય-સહેજે ઓળખાય એવા તે પરમાત્મ પ્રભુ સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે. તેમજઃ-

૨૭ નિરાકાર આભાસ-પ્રકાશ વગરના, ભવ પ્રપંચ રહિત, નિરંજન-કર્મ કલંક રહિત, સદા આનંદમય સિદ્ધ, બુદ્ધ અને સમસ્ત રોગ શોકાદિ દુઃખ રહિત એવા પરમાત્મ પ્રભુ હોય છે વળી—

૨૮ કેવળજ્ઞાન સ્વરૂપી, પૂર્ણ સ્વતંત્ર, અક્ષય, આકાશ જેવા નિર્મળ, શાશ્વત્ બિધાત્મા અસંખ્ય પ્રદેશી, જ્ઞાન શકિત વડે વિશ્વ વ્યાપક અને અનુત્પન્ન-અનાદ કાળના-પુરાણા પ્રભુ છે.

૨૯ સકળ કર્મ-વિકાર રહિત સંપૂર્ણજ્ઞાન અને દર્શનવાળા અથવા સાકાર ને નિરાકાર ઉપયોગવાળા અથવા સશરીરી ( ચરમ શરીરી ) જીવનમુકત ને અશરીરી ( દેહાતીત ) વિશ્વ પ્રકાશક પરંબ્રહ્મ-ઉત્કૃષ્ટ જ્ઞાની, અને ઉત્કૃષ્ટ વીર્ય-શકિતવાળા એવા પરમાત્મા હોય છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન પાંચમું.

ચાલુ ગતાંક પૃષ્ટ ૬૭ થી શરૂ.

પાંચમો પ્રકાર પંચેન્દ્રિય પ્રાણી બીજા નીચે પ્રમાણે છે તે કહેવામાં આવે છે. **ચાર પગે ચાલનારા** ગાય, ભેંસ, બકરો, ઘેટો, **પેટે ચાલનારા** સર્પ, અજગર ને **હાથે ચાલનારા** ઉંદર, ગરોલી, ખીસકોલી, કાકીડા, ઘો, સાંઢાનોલીયો, છંછુદર, જલનોલીયો, રકુન, ગલટ્ટન, વીજલ, સેબલ, માર્ટન, સ્ટોટ્, અર્બીન, પોલકેટ, સ્કંક, મીલકસ, કસ્તુરી, બીલાડાં, ઉડતી ખીસકોલી વીગેરે ભૂચર [૧૬]તીર્યંચ પંચેંદ્રિય જાણવા, કલારીયા સલાજે રાજમીનનાં માછલાં વગેરેનો પણ આમાંજ સમાવેશ થાય છે. તે ગર્ભનુંજ વધારેમાં વધારે દેહમાન છ ગાઉનું હોય છે ને ઉત્કૃષ્ટ આયુષ્યમાન સામાન્ય રીતે મનુષ્યના ચાલતા આયુષ્યના અમુક હિસ્સેજ હોય છે, હાથી, સિંહનું આયુષ્ય મનુષ્યના આયુષ્ય જેટલું હોય છે ને ઘોડાનું આયુષ્ય મનુષ્યના આયુષ્યથી ૧/૪ ભાગે, ગાય ભેંસ ગધેડાનું ૧/૫ ભાગે બકરી, ગાડર, શીયાળનું ૧/૭ ભાગે કુતરાનું ૧/૧૦ ભાગે, હોય છે.

( ૩ ) **રૂવાટીની** પાંખવાળા હંસ, પોપટ, ચકલા, મોર તથા કાગડા, કલહંસ,બગતેતર, કંપિંજલ, પારેવા, હોલા, કુકડા, ઘુવડ, કોયલ, સમળી, બાજ, ગીધ, ગરૂડ, ચકરો. ચીબરીમોટી સ્વર્ગનું લીલમપક્ષી, મત્સરંગ, બુલબુલ, ચાંખ, રેન, લુક્કડ, ખોદીયું, અગ્નિવર્ણી પક્ષી, બતક, પેટ્રોલ, આલ્બટ્રોમ **ચામડીની પાંખવાલા** ચામાચીડીયા વગવા ગુલ, વાગોલ, જલાકસભારંડ, જલવાયસ, વામ્પાયરજાતિ વગેરે વલી બીડેલ પાંખવાળા, કે ઉઘાડી પાંખવાલા સમસ્ત પક્ષી વર્ગ ખેચર પંચેન્દ્રિય જીવો છે, વળી પ્રાણી શાસ્ત્રમાં વિવિધ પક્ષીયોનો અધિકાર નીચે પ્રમાણે છે. ન્યુઝીલાંડ કે આસ્ટ્રેલીયાના કિવિ પક્ષીયોને પાંખ હોતી નથી. પીંછા હોય છે, હોનો લુલુનું કુકડાં જાતનું પક્ષી ઉડી શકતું નથી હવઇ બેટમાં પક્ષીઓને સ્વરજ નથી, પેંગુઇન પક્ષીમાં ચાલવાની કે તરવાની શક્તિ છે તે ઉડતું નથી તેની માતા એક ઇંડું મુકે છે. કુરલું પક્ષી મહાગતિવાળું છે. હિદુંસ્તાની દરજી પક્ષી અંગુઠા જેવડું છે તે સાપ કે વાંદરાથી પોતાનો બચાવ બહુ યુકિત કરે છે. પેટ્રલ

---

૧૬ ઘોડા વિગેરે એક ખુરાવાલા અને નહિં વાગોળનારા પ્રાણીઓ છે. ઉંટ, પાડો, ગાય, રોજ, સાંબર, વરાહ અને હરણ વગેરે બે ખુરાવાલા તથા વાગોલનારા પ્રાણીઓ છે. હાથી, ગેંડા વિગેરે ગંડીપદા છે. સિંહ, વાઘ, શીયાલ, બીલાડો, કુતરો, સસલો, નાર, જરખ, લોંકડી, શીહાગોસ, તરસ અને ઘોરખોદાઓ વિગેરે નખવાલા પ્રાણીઓ છે, આશીવિષ, દૃષ્ટિ વિષ ત્વગ્વિષ લાળ વિષ, શ્વાસવિષ કૃષ્ણસર્પ વિગેરે ફણાવાલા સર્પના જાતિઓ મંડલી વિગેરે અફણાવાલા સર્પની જાતિઓ અને અજગર વિગેરે ઉરપરિ સર્પ ( પેટે ચાલનારા ) છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષી ચીકણું હોય છે તેના મુખે કાકરો રાખી સળગાવવાથી તે પક્ષીજ એક કલાક બળે છે !! હિંદી મહાસાગરના પક્ષીઓ, આગીયા કીડાઓથી માલામાં અંજવાળું રાખે છે. સંદેશાના કબુતરો મીનીટે ૧૨૧ વાર ઉડે છે જે કલાકે ૫૪૦ મૈલ, કેટલાક ૬૩૬ માઇલ ગતિ વાલા છે. રાજહંસનું આયુષ્ય ૨૦૦, કાકપોટનું ૧૦૦, હંસનું ૮૦ કબુતરનું ૧૬ વર્ષનું હોય છે, **સીયાને ચેન** પ્રાણીને નીવડુંગ વનસ્પતિના ટુકડા કરીએ તો દરેક પ્રાણી ઉગવા રૂપ બને છે. કમલપુચ્છ વ્હેલ આ દરેક [17]જાતના તીર્યંચો ઘણાં મોટા પણ થાય છે લીંબર જાતિના વાંદરા ઉડે છે, કસ્તુરીયો બલદને બીસન એ ભૂમિચર છે, કંગરૂ, ઓવોરસ્સમ બાંદીકુ, અને જબ્રા વરૂને બચ્ચા રક્ષણ કરનારી કોથલી હોય છે.

"સાંજવર્તમાન" પત્રમાં એકવાર "હાલ મનુષ્ય આનંદથી સુઇ શકે એવા ૨૮ ઇંચ જાડા ઇંડાના અડધીયા મળી આવે છે તો તે જાતના પક્ષીઓ કેટલા મોટા હશે ?" એવો લેખ હતો. અત્યારે પણ ૨૫ ટન મગરમચ્છના પીંજરો મળી શકે છે તેમજ ત્રણ ફુટ ઘેરાવાળો ૬૬ રતલનો દેડકો થાય છે તેના ખરા દેહમાન નહીં જાણનાર રાક્ષસી કદનો કહી બોલાવે છે. સાડત્રીશ ફીટ લાંબા સાપ મેક્સીકોમાં છે, રૂમી સીપાઇયોયે ૧૨૦ ફુટ લાંબા સાપ કાંચલી રોમ મોકલી હતી, આલ્બટ્રોસ દરીયાઇ પક્ષી, હોઇને મનુષ્યનો કટ્ટો દુશ્મન છે તે એક ઘટકે પાંચશેર ભાર ગળી જાય છે. **રોડરનર પક્ષી** બે ફુટ લાંબુ, ૮૦ ઇંચ લાંબા પગવાળું, મહાગતિવાળું સર્પ મારનાર થાય છે. સર્વથી ઘણું ઉડનાર પક્ષી કાંડર અથવા કેલીફોર્નીયાનું ધુડ છે તેની પાંખની અણીથી બીજી પાંખની અણી સુધીની લંબાઇ ૧૦ ફુટ છે તેની જાત નાબુદ થવા આવી છે.

---

૧૭ સર્વ જંતુ ૧૬૦૦૦. તીર્યંચો ૮૦૦૦ પક્ષીયો ૮૦૦૦ છે. સર્પ જાત ૭૦૦ છે. **પ્રાણીશાસ્ત્ર** લંડન વોટરના સુવાસથી, સીંહ વાઘ વશ થાય છે. વિનાનીરે જીવનાર ઉંદર, મેંઢા, પોપટ ગાય, હોય છે, સૈબીરીયાના ઉંદર ચોપગાં ને ઘણાંજ નાના હોય છે.

**આ નિવેદન લખાઇ રહેતાં એક જીર્ણ પત્ર મળેલ છે જેમાં નીચે મુજબ લખેલ છે પાંચમે આરે આયુષ વિચાર.**

હાથિનો આયુ વર્ષ ૧૨૦. મનુષ્યનું આયુ વર્ષ ૧૨૦, સરપનો આયુ વર્ષ ૧૨૦. કાગડાનું આયુ વર્ષ ૧૦૦, હંસનું આયુ વર્ષ ૧૦૦, સિંહનો આયુ વર્ષ ૧૦૦, કચ્છપનો આયુ વર્ષ ૧૦૦, મચ્છનો આયુ વર્ષ ૧૦૦, અશ્વનો વર્ષ ૩૨. અથવા ૪૮, વાઘનો વર્ષ ૬૪ ગરધ્ધબનો વર્ષ ૨૪, છાલિનો વર્ષ ૧૮, શ્વાનનો વર્ષ ૧૨, અથવા ૧૮, હિરણનો વર્ષ ૨૪, બિલાડાનો વર્ષ ૧૨, સ્યાલનો વર્ષ ૧૩, સુઆનો વર્ષ ૧૩, ગેંડાનો વર્ષ ૨૦, સારસરસનો વર્ષ ૫૦ ક્રોંચનો વર્ષ ૬૦, બગલોનો વર્ષ ૬૦, ઉંદરનો વર્ષ ૨, સિસલાનો વર્ષ ૧૮, વાગુલનો વર્ષ ૫૦, સોહરનો વર્ષ ૫૦, દેવિનો વર્ષ ૫૦, પપિયાનો વર્ષ ૩૦, ઉંટનો વર્ષ ૨૫, ભેંસનું વર્ષ ૨૫, ગાયનો વર્ષ ૨૫, ઘેટાનો વર્ષ ૨૬, ગિધવર્ષ ૧૦૦, ગિલોઇ ૧, ઘુક વર્ષ ૫૦, કાકીડા વર્ષ ૧, જેકાં માસ ૩, કંસારિમાસ ૩, ઇતિ પંચમે આરોરો આયુષ્ય વિચાર [ ભાષા મૂલ પ્રમાણે રાખેલ છે. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથે ચાલનાર સાંઢો ત્રણ ફુટ લાંબો હોય છે જે કીડીઓનો બહુ નાશ કરે છે, તેને બંગાલી ભાષામાં **ચ્યાંગોલીન** નામથી સંબોધાય છે, એક પ્રદર્શનમાં બહુજ લાંબા કાનવાળું સસલું મુકાયું છે. આલસ્મમાં એક જાતની માછલીને પુંછડીએથી સળગાવ્યા પછી બત્તીનું કામ પુરૂં કરે છે. બત્તિમાચ્છ ( હુલિગ્યાન ) નું તેલ ચરબીની પેઠે જામી જાય છે.

ન્યુસાઉથ વેલ્સમાં કે આસ્ટ્રેલિઆમાં એવા દોઢ ફુટ લાંબા ને ટુંકા વાળની પુંછડીવાળા વિચિત્ર પ્રાણી છે કે–જેને બચ્ચાં ધવરાવવાના આંચળ હોય છે ને મુખે ચાંચ હોય છે. કેલીફોરનીયામાં દરીઆ સપાટીથી ૩૦૦૦ ફીટ ઉંચા માઉંટ બાલડીના પહાડ ઉપરથી એકત્રીશ ઇંચના વ્યાસ વાળું ૧૦૦ રતલના વજન વાળું કાચબાનું હાડપીંજર મળી આવ્યું હતું, તે ચાર હજાર વર્ષ ઉપરનું હોવાનું મનાય છે. જેનામાટે જમીનનો ઉછાળો આવી પાછી પાસિફીક મહાસાગરનો કિનારો બનતાં આ કાચબો મરણ પામ્યો હશે. લપસતાં રહેલા બરફની સાથે તે અહીં આવ્યો હશે તેવું અનુમાન થાયછે. હંગરીમાં એક મેડકનું હાડપિંજર મળ્યું છે જેનું નામ લેવ્વીરીન થોડોન રાખ્યું છે. તે જાતિના દેડકા ભૂતકાળમાં બહુ હશે તેની બન્ને આંખોની વચ્ચેના ખાડામાં ૧૮ ઇંચનું અંતર હતું. તેની ખોપરી ૩૧૨ રતલ પ્રમાણ હતી અને સર્વ હાડપીંજરનું વજન ૧૮૯૦ રતલ ( આશરે એક ટન ) હતું. **વળી ભારતના ૨૯ મા અધ્યાયમાં** ૧૧ યોજન લાંબો અને છ યોજન ઉંચો હાથી તથા ૧૦ યોજન ગોળ તથા ૩ યોજન ઉંચો કાચબો હોવાનું લખ્યું છે. વળી પ્રો૦ થીઓડર કુકની ભૂસ્તર વિદ્યા જણાવે છે કે–એક ઉડતી ગરોલી (**छीपकली**) ની ૨૭ ફુટ લાંબી પાંખો હતી. મીલનમાં પકડાયેલો એક સાપ ચાર ઇંચના મોઢા વાળો ૬ા ફીટના પેટ વાળો ૨૦ ઇંચ જાડો ૯ ફુટ લાંબો ને અઢાર મણ ભાર વાળો હતો.

ઉંટ નાક દ્વારા ત્રણ માઇલ દૂરનું તલાવ જાણી શકે છે. અમેરિકાનું એક જાતનું પક્ષી બીજા પક્ષીના અવાજની બરાબર નકલ કરે છે. કુતરી, બીલાડી, અને ઘોડાને પણ સ્વપ્ન આવવાનું બને છે. એક વાંદરે મદારીના હાલલાંમાંથી દહીં ખાઇ બકરીના મુખ ઉપર દહીં ચોંપડયાની લુચ્ચાઇ કરી હતી. શીકારી કુતરાંઓ એ પક્ષીને એક સાથે લેવાને અશક્ત હોવાથી એકેક મારી વારાફરતી લઇ જાય છે. અમેરિકાનું કુ જી પક્ષી પોતાના માળાને ઝલકતા કોડાકોડી આદિથી શોભાવે છે **સસલાં** પોતાના વાલથી બચ્ચાંની શય્યા ગોઠવે છે.

એક વડોદરાની બુદ્ધિશાલી ગાય તરસી થતાં નળ પાસે આવી તેની ટેશને માથાથી દબાવી પાણી કાઢીને પીતી હતી. બોચસ્ટનની નેચરલ હીસ્ટરી સોસાયટીના સભ્ય મી. ટ્રેલનેલ જણાવે છે કે રોબીન ચલ્લી ૬૮ કીડા, કાગડો સ્વવજનથી બમણા કીડા, બાજ ૫૦૦ મચ્છર એક દીવસમાં ખાઇ ગયો હતો, લંડનના એક મદારીએ eel (ઇલ) જલસર્પને એવો કેળવ્યો છે કે તે મદારીના કહેવા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



abc વિગેરે આકૃતિઓ તથા શિક્ષકની નામવાર આકૃતિઓ સ્વશરીરથી કરે છે. તે મનુષ્યની ગીરદીમાં ઉશ્કેરાતો હતો તથા ભય પામતો હતો. વળી કેટલાક ઘોડાઓ પોતાના આંટા ગણે છે તથા રેંટના બળદો પણ સો આંટા થયાને તુરત સમજે છે. એલ્બર્ફેલ્ડ નગરના ઘોડા શિક્ષક હેરક્રેલે ઘોડાને અંકગણિત શીખવેલ છે, તે ખરી ઠોકીને સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, દ્રઢભાજક, સ્કવેરરુટની માહીતિ આપે છે. કુતરાં બીલાડાંને ઉંદરો ચક્ષુનો ઉપયોગ કર્યા વિના કાન નાકને મુખના વાળથી કામ કરી શકે છે. પટીયાલામાં એક નાની ગાય અંગારા ખાઈને રહે છે પણ જો તેની સામે ઠંડા કોલસા મુકવામાં આવે તો તેને ખાતી નથી. આવા પ્રત્યક્ષ પુરાવાથી પણ તેમનું આયુષ્યને દહેમાન અને બુદ્ધિની પ્રધાનતા મહાન કલ્પી શકાય છે. તે જીવો સ્ત્રી પુરૂષના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થતાં હોવાથી ગર્ભજ હોય છે, સમુર્છિમ પણ હોય છે. સમુર્છિમની ઉત્પત્તિ માતાપિતાની અપેક્ષા વિનાજ હોય છે. જેમકે દેડકાં માછલાં વગેરે વૃષ્ટિ થતાંજ તુરત ઉત્પન્ન થાય છે. તેમનું ચૂર્ણ પાણીમાં નાખવાથી પણ તુરતજ તે ઉપજે છે. તેમજ દરેક તિર્યંચોની જનન ક્રિયા થાય છે, આ વાતની પુષ્ટિ આપતાં વચનો વન્હિ પુરાણમાં પણ છે કે–**सस्वेदजापि विज्ञेयाः वृत्तगोपशुजन्तवः** આ દરેક જાતના તિર્યંચો મૃત્યુ ક્ષેત્રમાંજ જન્મે છે, વસે છે ને મરે છે.

(૩) હસો એકમ, દશક, શતક એમ ઓગણત્રીસમી આવેલ સંખ્યામાં રહેલ આપણે પંચેંદ્રિય મનુષ્ય તરીકે ઓળખાઈએ છીએ. આ દરેક મનુષ્યો જ્યાં વસે છે એ મનુષ્ય ક્ષેત્રનો અધિકાર આગળ કહીશું. માત્ર દૂરવસાન પુરૂષો ૧૪૦ કરોડ છે. મનુષ્યનું દેહમાન વધારેમાં વધારે હોય તો ૩ ગાઉનું હોય છે ને આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે. એક ૧૩૯ વર્ષનો વૃદ્ધ પુરૂષ નિરોગી દશા ભોગવે છે. સન ૧૯૨૨ ના વસ્તિપત્રકમાં લંડનમાંજ ૧૫ માણસો ૧૦૦ વર્ષથી અધિક ઉમરના નીકળ્યા હતા તથા સાઈબેરીયાનો—Kazahioff નામે ૨૬ વર્ષનો પુરૂષ ૯ ફુટને ૩ ઇંચ ઉંચો છે. તેના પગની લંબાઇ નવ ઈંચ, છાતિની પહોળાઇ ૫૬ ઇંચ તથા તેના શરીરનો ભાર ૫ મણ અને ૨૬ શેર હતો. વળી એવું જણાયું છે કે એક ચૌદ વર્ષના બાલકનો ભાર સાત આઠ મણ છે. સને ૧૮૫૦ ની સાલમાં સારૂઆ પાસેની ભૂમિ ખોદતાં રાક્ષસી કદના મનુષ્યના હાડ નીકળ્યા છે. તેના ઝડબા માણસના પગ જેટલા લાંબા હતા, તેની ખોપરીમાં એક બુશલ (૪૮ શેર) ઘઉં માય શકતા હતા. તેનો એકેક દાંતનો ભાર પોણો આઉંસ હતો કીન્કોલોકસ નામનો માણસ ૧૫॥ ફુટ ઉંચો હતો. તેના ખંભાની ચોડાઈ દશ ફુટ હતી. સારલા મેનનાં વખતમાં ફ્રરટીકસ ૨૮ ફુટ ઉંચો હતો. લાહોર પાસે વલટાહ ગામનો ફતેસીંહ શીખ ૧૦૦ મણનો બોજો ઉપાડી શકતો હતો અને લાહોર પાસે ચંગ્રા ગામના હિરાસીંહજી બે મણની મોગરી ઉપાડી શકતા હતા. પેટલાદમાં રામજી હીરજી નામે કણબી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧૪ વર્ષની ઉમરે મૃત્યુ પામ્યો હતો તેને નવા દાંત આવ્યા હતા. જે તંદુરસ્ત હતો. તે છેવટ સુધી ખેતરમાં કામકાજ માટે જતો હતો. મન્મથ સ્નાયરના બ્રીજવીન ગામમાં મીસીસ બેટસસીઓર્નોલ્ડ નામની ગરીબ સ્ત્રી ૧૧૭ વર્ષની હોવા છતાં દરેક કામમાં હોંશીઆર અને તંદુરસ્ત હતી. બુલ્હર હેમ્પટનના—મી. જોર્જનું શરીર ૪૪ વર્ષની ઉમરે ૪૭૬ રતલનું હતું. સારી રીતે હાલવું તથા ચાલવું છ કલાક ઉંઘવુ તે તેને સહજ હતું. ૧૮

હાલ રશીયામાં ૨૦૫ વર્ષનો ડોસો છે. કાશ્મીરનો એક ચોપદાર ૭ ફ્રીટ ઉંચો હતો. નેપોલીયનને સીકંદરનું દેહમાન મોટું હતું. મહારાજા પ્રતાપસિંહજીનું પણ શરીર મોટું હતું. આ માપ પણ પડતા સમયના જાણવા. બાકી ઉપર કહેલા માપો સત્યજ છે. મનુષ્યની ઉત્પત્તિ અને નાશ મનુષ્ય ક્ષેત્રમાંજ થાય છે.

( ૪ ) હસો—દેવો, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક એ ચાર પ્રકારના દેવો છે. તેને પણ પાંચ ઇંદ્રિયો હોય છે જન્મ મરણ વગેરે ક્રિયા મનુષ્યની જેમ પણ માતપિતાની અપેક્ષા વિનાની હોય છે. પણ માત્ર તેમાં દેહ સંબંધી સુખ ઘણું હોય છે. દેવ તરીકે ઉત્પન્ન થનાર ૧૦ હજાર વર્ષ તો જીવેજ છે ને ઉત્કૃષ્ટાયુષ્ય અનુત્તર વિમાનની અપેક્ષાએ ૩૩ સાગરોપમનું હોય છે. દેહમાન ૧ થી સાત હાથનું હોય છે. +આ પ્રમાણે નારકી, તિર્યંચ, મનુષ્યને દેવતા એ ચાર હસાથી પંચેંદ્રિયનો અધિકાર જાણવો. આ પ્રમાણે છઠ્ઠું દ્રવ્ય પણ જગતમાં છે. આ છ દ્રવ્યથી સાતમું દ્રવ્ય છેજ નહીં. હવે આટલા જ્ઞાનથી સમજી શકાય છે કે

---

૧૮ અજાયબ નિદ્રા.

એક માણસ નિદ્રામાં પડ્યો. ડો. ઓલિવર તેને જોવા ગયો, તેણે એક ટાંકણી ઘોંચી, જેથી તે માત્ર નવેમ્બરની ૧૯ મી એ થોડોક જાગ્યો પોતાની મા સાથે ચાર શબ્દ બોલ્યો પછી સુતો જે જાન્યુઆરીમાં ઉઠી ધંધે વળગ્યો.

ફ્રેન્ચી વૈદ્ય બ્લાન્ચેટ સને ૧૮૬૪ માં નીદ્રા ભક્ત માટે લખે છે કે એક બાઇ ૨૦–૪–૧૮૬૨ માં સુતી હતી અને ૧૮૬૩ ના માર્ચમાં ઉઠી હતી.

જ્યોન્સ્ટ્રો વિદ્વાને સોલમાં સૈકાના વીલીયમ ફ્રાંકસલે કુંભારની ચમત્કારી વાત લખી છે, તે જણાવે છે કે આ કુંભારની ઉંઘ ચૌદ દિવસ અને પંદર રાત્રિએ પુરી થતી હતી. ખુદ ઇંગ્લાંડનો રાજા સને ૧૫૪૬ માં આ કુંભારની નિદ્રા જોવા ગયો હતો.

સ્વીડન વર્ગની એક સ્ત્રી બાનુએ ૩૬ વર્ષની નીદ્રા ખેંચી હતી.

યુનાઇટેડ સ્ટેટના રહેવાસી ટાપુ વાસીની એક દશ વર્ષની બ્યુલામીર નામની કન્યા અજબ શક્તિ ધરાવે છે, તેની આંખમાં હીપ્નોટિઝમ કે જાદુ નથી પણ રેઝ x કિરણો છે. જેને લીધે તે નકરની આરપાર જોઇ શકે છે આ પણ મનુષ્ય જાતિની અજાયબી તો ખરી ?

+ જીવોનું પાંચ ઇન્દ્રિય અને દસ પ્રાણના અભાવે મૃત્યુ થાય છે. સિદ્ધના જીવોને તે એક ઇંદ્રિય હોતી નથી પણ ભાવ પ્રાણ હોય છે. શરીરના અભાવે સિદ્ધોને કર્તા, ભોક્તા, ખાતા–પીતા, જન્મનારા કે મરનારા કાંઇ ન ઘટાવી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યના કર્તા પ્રેક્ષકો જીવોજ છે. જીવો કયાં કયાં છે? કર્તા કોણ કોણ થઇ શકે છે? તે કામ પુદ્ગલોમાંથી કરવાનું છે. તમારો પ્રશ્ન છે જગત કયારે બન્યું? તેના ઉત્તરના સાધનો કાંઇક તૈયાર થયા. બનાવવાના અધિકારીને જેમાંથી બનાવી શકાય તે પુદ્ગલોનું સ્વરૂપ સમજાયાથી આગળ વધવું ઠીક રહેલ પડશે.

# શ્રી જૈનાચાર્ય ચરિત્ર.

## " શ્રીમાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ ભગવાન. "

જૈન સિદ્ધાંત[1] સંરક્ષક,[2] પરમ ઉપગારી અપશ્ચિમ[3] પૂર્વધર શ્રીમાન દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણ નામના જૈનાચાર્ય, આ જંબુદ્વીપને વિષે ભરતક્ષેત્રના[4] મધ્યખંડમાં સૌરાષ્ટ્ર[5] દેશ મધ્યે વેળાકુળ પત્તન એટલે વેરાવળ પાટણ નામે નગર છે, ત્યાં **અરિમર્દન** નામે રાજા રાજ્ય કરતો હતો, તેને મૃગાવતી નામે પટરાણી હતી, અને સુબુદ્ધિ નામે મંત્રીશ્વર હતો, તે નગરમાં રાજ્યસેવક, કાશ્યપ ગોત્રીય, **કામર્દ્ધિ** નામનો એક ક્ષત્રિય રહેતો હતો અને તેને કળાવતી નામે સ્ત્રી હતી. તેની કુખમાં ગર્ભપણે ઉત્પન્ન થયો હતા.

એક વખતે શ્રી વર્ધમાન પ્રભુ રાજગૃહી નગરમાં સમોસર્યા, ત્યાં સૌધર્મેંદ્રે પ્રશ્ન કર્યો કે હે સ્વામી! દૃષ્ટિવાદ નામે બારમા અંગનો વિચ્છેદ કયારે થશે? ત્યારે શ્રીમન્ મહાવીર ભગવંતે ઉત્તર આપ્યો કે " મારા નિર્વાણથી ૧૭૦ વર્ષે **ભદ્રબાહુ** નામે આચાર્ય થશે ત્યાં સુધી ચઉદે પૂર્વ અર્થ સહીત રહેશે, અને ( ૨૧૫ ) વર્ષે શ્રી **સ્થુલીભદ્ર** નામે આચાર્ય થશે ત્યાં સુધી ચઉદે પૂર્વો સૂત્રથી રહેશે, અને ( ૫૮૪ ) વર્ષે શ્રી **વજ્રસ્વામી** નામે આચાર્ય થશે ત્યાં સુધી દશપૂર્વ રહેશે, ( ૬૧૬ ) વર્ષે **દુર્બલિકાપુષ્પમિત્ર** નામે આચાર્ય થશે ત્યાંસુધી સાડા નવ ( ૯॥ ) પૂર્વ રહેશે અને મારા નિર્વાણથી હજાર ( ૧૦૦૦ ) વર્ષ પછી સઘળા પૂર્વો વિચ્છેદ જશે. "

ઇંદ્રે કહ્યું, હે સ્વામિન્! આપના નિર્વાણથી હજાર વર્ષે કયા આચાર્ય પછી સઘળા પૂર્વોનો વિચ્છેદ થશે? ભગવંતે કહ્યું કે ગણિ દેવર્ધિ પછી વિચ્છેદ થશે. તે દેવર્ધિગણિનો જીવ હાલ કયાં છે એવું ઇંદ્રે પૂછવાથી ભગવંતે કહ્યું કે તારો પાસે રહેનાર **હરિણેગમેષી** નામે દેવતા જે નવ પાયદળ સેનાનો અધિપતિ તારો પરમ

૧ શાસ્ત્ર—આગમ ૨ સંરક્ષણ કરનાર ૩ છેલ્લા ૪ ભરતક્ષેત્રના ૭ ખંડ પૈકી ૫ સોરઠ ૬ પ્રધાન-દીવાન-કારભારી ૭ પધાર્યા ૮ સોધર્મ દેવલોકનો સ્વામી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્ત અને મને ગર્ભથી સંહરનાર છે તે દેવલોકથી ચવીને દેવર્ધિગણિ થશે. આ પ્રમાણે ભગવંતના વચન શ્રવણ કરી સૌધર્મેન્દ્ર વિસ્મિત થઇ હરિણેગમેષીની પ્રશંસા કરવા લાગ્યો; અને પછી ધર્મદેશના શ્રવણ કરી સ્વસ્થાનકે ગયો.

હવે તે હરિણેગમેષીનું અનુક્રમે દેવ સંબંધી આયુષ્ય ક્ષય થયે થકે છ માસ આયુષ્ય બાકી રહેતાં તેણે મનુષ્ય આયુ નિકાચિત કર્યું. ત્યાર પછી તેને ચવન ચિન્હ જણાવા લાગ્યાં. પુષ્પમાળા મ્લાન થવા લાગી. કલ્પવૃક્ષ કંપવા લાગ્યાં. બુદ્ધિનો નાશ થવા લાગ્યો. લજ્જા જવા માંડી. વસ્ત્રમાં અપરાગ થવા લાગ્યો. ઇંદ્રે કહેલા કાર્યોમાં આળસ થવા માંડયું. અકાળે નિંદ્રા આવવા લાગી. સર્વે અંગ ત્રુટવા લાગ્યાં. દેવાંગનાઓમાં અત્યંત રાગ ઉત્પન્ન થવા લાગ્યો. અંગોપાંગ કંપવા લાગ્યા. દેવ વિમાન, વાવડી, ક્રીડાવન, ક્રીડાપર્વત, મોહનગૃહ, કિન્નરીગીત, ગાન, વાજીંત્ર, મિત્રગોષ્ટી, સભાબેસણ, સિંહાસન, અને દેવશય્યામાં અરતિ પેદા થઇ. ઔદાસિન્ય થયું. અણચિંતવી ચિંતા થવા લાગી. સંતાપ થવા લાગ્યો તથા નેત્રમાંથી બાષ્પબિંદુ ( આંસુ ) પડવા માંડયા. ગરમ અને લાંબા શ્વાસોશ્વાસ આવવા લાગ્યા. એવા ચવનના લક્ષણ દેખી હરિણેગમેષી ઇંદ્ર મહારાજ પાસે જઇ અંજલીબદ્ધ પ્રણામ કરી વિનવવા લાગ્યો કે " સ્વામી ! આપ મારા પ્રભુ છો, રક્ષક છો, પાલક છો અને સર્વ પ્રકારે કૃપા કરનાર છો, માટે આપના ચરણ રજરૂપ સેવક ઉપર પસાય કરી જેમ મને પરભવમાં ધર્મની પ્રાપ્તિ થાય તેમ કરશો. હું તો યોનિયંત્રના સંકટમાં પડીશ જેથી સઘળી બાબતો વિસ્મૃત થઇ જશે. માટે મારે સ્થાનકે જે બીજો હરિણેગમેષી દેવતા ઉત્પન્ન થાય તેને મારા પ્રતિબોધ માટે મોકલશો કે જેથી આપની પ્રભુતા પરભવમાં પણ સફળ થાય " આ વાત ઇંદ્રે કબુલ કરી.

પછી હરિણેગમેષીએ પોતાના વિમાનની રત્નમય દિવાલને વિષે વજરત્નથી લખ્યું કે " **આ વિમાનમાં જે હરિણેગમેષી ઉત્પન્ન થાય તેણે હવે પછીના ભવમાં મને પ્રતિબોધ કરવો, જો ન કરે તો તેને ઇંદ્રની આજ્ઞા છે** " અનુક્રમે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થયે તે હરિણેગમેષી ત્યાંથી ચવી પૂર્વે કહેલા કામર્ધિ ક્ષત્રિયની કલાવતી ક્ષત્રીયાણીની કુક્ષીને વિષે ઉત્પન્ન થયો. માતાએ સ્વપ્નમાં મહર્ધિક દેવતા દીઠો. અનુક્રમે શુભ લગ્ને અને શુભ યોગે પુત્ર પ્રસવ થયો.

કામર્ધિ ક્ષત્રિએ મોટા આડંબરથી કુળસ્થિતિ કરી સ્વજન વર્ગને આમંત્રણ કર્યું. તેઓની સમક્ષ તે પુત્રનું દેવર્ધિ એવું નામ આપ્યું. પંચધાવ્યે કરીને જેનું પાલન થયું છે એવો તે બાળક અનુક્રમે બાર વર્ષનો થયો ત્યારે માતા પિતાએ ઉંચ કુળની બે કન્યા સાથે તેનાં લગ્ન કર્યાં. તેની સાથે તે કુમાર સંસાર સંબંધી સુખ ભોગવવા લાગ્યો અને રાજ્ય સેવાથી વૃત્તિ કરવા લાગ્યો. પોતે અતિશય બળવાન હોવાથી તથા શસ્ત્રકળામાં પ્રવીણ હોવાથી સમાન વયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજપુત્રો સાથે આહેડો કરવા પણ જતો. ધર્મ એ શું છે તેનું તેને સ્મરણ પણ હતું નહીં.

હવે તે વિમાન મધ્યે જે નવો હરિણેગમેષી નામે દેવતા ઉત્પન્ન થયો તે જ્યારે સુધર્મા સભામાં ઇંદ્રની સેવા કરવા ગયો ત્યારે ઇંદ્ર તેને નવો ઉત્પન્ન થયેલો જાણી વિસ્મિત થઇ તેના પ્રત્યે કહેવા લાગ્યો કે " **તારે અગાઉના હરિણેગમેષીના જીવને પ્રતિબોધ કરવો** " ઇંદ્રની તે આજ્ઞા તેણે માન્ય કરી. એકદા તેણે પોતાના વિમાનમાં પૂર્વે હરિણેગમેષીએ લખેલા વચનો જોયા ત્યારે તે હરિણેગમેષીના જીવને પ્રતિબોધવા એક પત્રમાં એક શ્લોક લખી તે પત્ર દેવર્ધિ નામના ક્ષત્રી પુત્રને પોતાના સેવક દેવની મારફત મોકલાવ્યો જે હવે પછીના અંકમાં હકીકત આવશે. (ચાલુ).

## ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.

( હરીગીત )

આળસ અને અજ્ઞાનમાં, ગમગીન થઇ તું કાં ફરે ?
આવી અચાનક કાળ ઝડપે, જાળમાં તુને ધરે;
સૂઝે ન એક ઉપાય આખર તેહ આવી દબાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.
કોમળ વયે અભ્યાસમાં તલ્લીન થાજો પ્રેમથી,
હિંમત પાછી પામી ખરો ગુણવાન ગણજે હેમથી;
બાળપણું જો રમતમાં ને ગમત માંહી ગુમાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.
ફળ નવ હોય રત વિના કયાંય પાણી થકી કયારા ભરો,
બાળપણું જો વીતશે નવ ખૂલશે વિદ્યા ઝરો;
વિદ્યારહિત રહેવા થકી શિર છાપ મૂખ ધરાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.
મત્સરધરી માયા તણો કુલણુ બનીને ફાંકડો,
મરવું નથી મન સમજતાં ફરે ફેલથી બહુ વાંકડો;
પણ અવધ વિતે આપણી પછી ઝડપ ભેર ઝલાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.
ધન માટે ધાતો ધરણીમાં શુભ કરણી વિણ નવ પામશે,
ઉપકારના કૃત્યો વિના કેમ જગતમાં જસ જામશે;
સંસાર સઘળો અરિસમો ચટપટ થકી સપડાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોને ખબર છે કાલની આ દેહ કયાંય જનાર છે,
આયુષ્ય તારૂં કેટલું મૃત્યુ તણી શી વાર છે ?
અણધાર્યું મૃત્યુ થશે ને ત્વરાભેર ઉઠાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.

તું પોઢ છત્ર પલંગમાં દીલ ધર્મ દાઝ ન જાણતા,
મગરૂર મનમાં તું ફરે હુંપદ અતિશય આણતાં;
પણ તેહ હુંપદ તાહરૂં ચિત્ત દશ દિશે રખડાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.

સાથે ન આવે દ્રવ્ય કે તુંજ કામમાં મરતાં નકી,
ખાધું અને ખૂબ વાવર્યું નિજ ધર્મ માટે ખુશી થકી;
તો મરણાંતરે પણ સમજજે તુજ જયધ્વનિ ફરકાવશે,
ગુણવાન ચિત્તમાં ચેતજે અવસર ગયો નવ આવશે.

**સંગ્રાહક. અંબાલાલ નગીનદાસ ( વીશનગરીઆ. )**
**બોરસદ.**

# જ્ઞાનપ્રાપ્તિ માટે સ્વલ્પ સૂચના.

જગત્ત્રયમાં જ્ઞાન એ સર્વોત્તમ વસ્તુ છે. અજ્ઞાન તિમિર પ્રલયકારક પ્રાણી માત્રને હિતકારક જ્ઞાન સમાન અન્ય કોઈપણ પ્રભાવિક ચીજ નથી. જીનાગમમાં પણ અનેક સ્થળે જ્ઞાનનુંજ પ્રધાનપણું પ્રકાશ્યું છે. "પહેલું જ્ઞાન અને પછી દયા" એ શ્રીમાન્ મહાવીર પ્રભુનું કથન સર્વ પ્રકારે સત્ય પ્રશંસનીય છે. ઘણાક જીવો દયાની મુખ્યતા માને છે એ ઠીક, પણ વિચાર એ કરવાનો છે કે આપણા દીલમાં દયાની જે રૂચિ પ્રકટ થઈ છે તે શાથી ? જો આપણને જ્ઞાનજ પ્રથમ ન હોત, અર્થાત્ આપણા ચિત્તમાં અજ્ઞાનજ વ્યાપેલું હોત તો પછી દયાનું સ્વરૂપ શી રીતે સમજત ? જ્યારે અજ્ઞાનરૂપ તિમિર વિનાશક જ્ઞાનરૂપ દીપક ચિત્તમાં પ્રદીપ્ત થાય છે, ત્યારેજ દયા આદિ સમગ્ર ગુણોનું તેમજ સમસ્ત પદાર્થોનું સ્વરૂપ સમજાય છે.

વળી "જ્ઞાન સમો કોઈ ધન નહિ" એ વાકય અક્ષરશ: યોગ્ય હોઈ મનન કરવા લાયક છે. જ્ઞાન સમ ઉત્કૃષ્ટ ધન, જ્ઞાન સમાન શ્રેષ્ટ રત્ન કોઇપણ નથી. આજ કાલ આપણે મોહમાં મુંઝાઈ સુવર્ણ, રૂપ્ય આદિનેજ ખરૂં ધન માની બેઠા છીએ, પણ સૂક્ષ્મ નજરથી વિચારતાં એ બાહ્ય ધન કેટલું ચિંતાજનક છે તે વિચાર કરવાથી સ્વયમેવ સમજાશે. જેને કોઈ પ્રકારનો ઉપદ્રવ થવો અશકય છે, જેના સંગ્રહથી સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્વથા નિશ્ચિંતપણું છે, એવું ઇહલોક અને પરલોકમાં પરમહિતદાયક એક જ્ઞાન ધન ( લક્ષ્મી ) નો જેણે સંચય કર્યો છે, એજ મહાન્ આત્મા પૃથ્વીમાં પ્રશંસાપાત્ર હોઇ પરમ સુખી છે.

" જ્ઞાન વિના પશુ સારીખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહો, શિવપદ સુખ શ્રીકાર. "

ઉપરોકત ગાથામાં કેવું રહસ્ય સમાયલું છે, જે વિચારવંત સજ્જનોની દ્રષ્ટિ બહાર નથી. " જ્ઞાન વગરનું જીવન નિરર્થક છે " અર્થાત ફોગટ છે. જ્ઞાન રહિત મનુષ્ય જીવનમાં અને પશુ જીવનમાં કંઇપણ અંતર નથી. એટલે ઉત્કૃષ્ટ માનવદેહ પામી જેણે યથાશક્તિ જ્ઞાન સંપાદન કર્યું નહિ તે જીવને જ્ઞાનીએ પશુ સમાનજ ગણેલ છે.

ઉપર મુજબ જ્ઞાન વિષે કિંચિત્ વિવરણ કરી ગયા. એથી સાર શું લેવાનો છે તે ભવ્યાત્માઓ સ્વયમેવ સમજી શકશે, છતાં સમયોચિત અલ્પમાત્ર જણાવવું ઉચિત સમજું છું.

આ દુઃખમય સંસારરૂપ મહાન્ અરણ્યમાં ભ્રમણ કરતાં વર્તમાન સમયે મહાન્ પુન્યોદયથી ઉત્તમોત્તમ મનુષ્ય ગતિમાં જન્મ લઇ, વળી સાથે ઉચ્ચ કુલ, પંચેંદ્રિયપણું, નિરોગી શરીર આદિનો યોગ પામી આપણે કોઈ એવું શુભ કાર્ય કરી લેવું જોઇએ કે જેથી આપણો પવિત્ર આત્મા કર્મ રિપુઓને છેદી કોઈપણ સમયે અનંત સુખમય શાશ્વતપદને પ્રાપ્ત કરે. પણ આ પહેલાં આપણે જાણવાની જરૂરીયાત છે કે જ્યાંસુધી આપણને સદ્દજ્ઞાન પ્રાપ્ત થયું નથી, ત્યાંસુધી આપણો આત્મા સદ્દગતિ પામે, એવું શુભ કાર્ય કરવાની પવિત્ર મતિ આપણને ઉદય થવી અશકય છે. જેથી હરેક જીવોએ પોતાની યોગ્યતાનુસાર પોતાને મળેલ સંજોગોના પ્રમાણમાં જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવાની પ્રથમ જરૂર છે.

આ પંચમ કાળમાં આ ક્ષેત્રમાં સર્વજ્ઞ મહાત્માઓનો સર્વથા વિરહ છે. શ્રુતજ્ઞાનના જાણ મુનિરાજો પણ ઓછા છે. જેથી દરેક જીવોને પુર્વોક્ત મહાત્માઓના સુયોગથી જ્ઞાનતત્વનો લાભ મળવો મુશ્કેલ છે. છતાં ભાગ્યવાનોને એવા જ્ઞાની સદ્દગુરૂનો યોગ પુન્યવશાત્ પ્રાપ્ત થયો હોય, તેઓએ તેમના ઉપદેશામૃતનું અવશ્ય પાન કરવા ચુકવુ નહીં. કારણ કે જ્ઞાનીથી પ્રાપ્ત થએલ જ્ઞાન અપૂર્વ લાભનું કારણ છે, તેમના ઉપદેશવડે છંટાએલ જ્ઞાનરૂપી અમૃતથી કામ ક્રોધ મિથ્યાત્વ અજ્ઞાનાદિ જ્વરારિઓ જલદી શાંત થઇ જાય છે. વળી સમકિત રૂપ વેલડી નવપલ્લવ થાય છે. અતિ વિસ્તાર પામે છે. જેને અશુભ કર્મવશાત એવા જ્ઞાની મહારાજનો વિયોગ રહેતો હોય તેમણે પ્રસંગોપાત્ એવા મહાત્માનો યોગ મેળવી અગર કોઇ તત્વજ્ઞ સુશ્રાવકને મળી તેમને સવિનયથી પૂછતાં તેઓ રહસ્યયુક્ત જે જે ઉત્તમ ગ્રંથો જણાવે તેનું વાંચન હંમેશા શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું. અત્રે મારી સમજ પ્રમાણે જેઓને ભણવાની યોગ્યતા પ્રાપ્ત થઈ હોય તેઓએ પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, જીવવિચાર, દંડક, સંગ્રહણી, કર્મગ્રંથ, ક્ષેત્રસમાસ, સ્નાત્રપૂજા, તત્ત્વાર્થસૂત્ર, ગુણસ્થાન ક્રમારોહ વીગેરે ગ્રંથો જરૂર કંઠાગ્ર કરવા જોઈએ. જે જીવોને ભણવાની યોગ્યતા ન પ્રાપ્ત થઈ હોય તેઓએ ઉપદેશમાલા, ત્રેશઠ શલાકા પુરૂષ ચરિત્ર, પ્રવચન સારોદ્ધાર, પાંડવ ચરિત્ર, જૈન રામાયણ, શ્રીપાલ રાજાનો રાસ, ચંદ રાજાનો રાસ, શ્રાદ્ધવિધિ, અધ્યાત્મ કલ્પદ્રુમ ઈત્યાદિ ગ્રંથો અવશ્ય વાંચી લેવા જોઈએ. એમ પૂર્વે થઇ ગયેલ મહાન્ પ્રભાવિક પુરૂષોનાં ચરિત્ર અને અધ્યાત્મ વિષયના ગ્રંથોનુ પ્રેમપૂર્વક શ્રદ્ધાથી અવલોકન કરતાં વળી યોગ પ્રાપ્ત થયે સદ્ગુરૂના ઉપદેશનું શ્રવણ કરતાં હ્રદયમાં જ્ઞાનરૂપ પવિત્ર દિપક પ્રકટ થશે. જેના પ્રકાશથી પૂર્વેનું વ્યાપી રહેલ જે અજ્ઞાનરૂપ ઘોર તિમિર તે તત્કાળ દૂર થશે. જેમ જેમ જ્ઞાન દિપકનો પ્રકાશ ચિત્તમાં વિસ્તાર પામશે, તેમ તેમ આત્માના ઉચ્ચ સુંદર ગુણોનું ભાન થતું આવશે. અર્થાત્ આત્માના કેવા અલૌકિક ગુણો છે તે જણાઇ આવશે. આત્મગુણો પ્રત્યક્ષ માલુમ પડતાં તે પવિત્ર ગુણ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા તિવ્ર રૂચી મનમાં જાગ્રત થશે, આ વિષે વળી પરમ ઉપકારતું કાર્ય સમજી અન્ય પ્રાણીઓને પણ ભણવા વાંચવા સંબંધી નિજ શકત્યાનુસાર તન મન યા ધનથી અવશ્ય મદદ કરવી જરૂરની છે. કારણકે આપણાથી કોઇ પણ ભવ્ય જીવને થોડું પણ જ્ઞાન પ્રાપ્ત થશે તો તેથી તે અનેક પ્રકારના અશુભ કૃત્યોથી સંકોચાઇ માર્ગાનુસારી થશે, અને સ્વ આત્માનું શ્રેય કરવા સાવધાન થશે. જેથી અવર જીવોને જ્ઞાન દેવું તે પણ પરમ લાભનું કારણ છે.

એ રીતે સદ્જ્ઞાન પ્રાપ્તિમાં અનેક લાભ સમાયેલ સમજી વળી અનુક્રમે પરમ શાંતિપદ શાશ્વત સુખનું કારણ જાણી સદ્જ્ઞાન પ્રાપ્ત કરવા કરાવવા માટે પ્રત્યેક જીવો પોતાની યોગ્યતા મુજબ સ્વશકિત પ્રમાણમાં અવશ્ય ઉદ્યમ કરશે એવી પવિત્ર પ્રાર્થના છે.

પૂર્વોકત જ્ઞાનપ્રાપ્તિના વિષયમાં જે કંઇ વિરૂદ્ધ લખાએલ હોય તે માટે સર્વ વાંચક વર્ગ પ્રત્યે ક્ષમા ચાહું છું

ઝવેરી છગનલાલ-સુરવાડા.

For Private And Personal Use Only

# *દેવપૂજા.

દેવપૂજા નિરંતર કરવી. કેમ જે તેથી ધનવાનપણું, સૌભાગ્ય, વિદ્વત્તા, ઉત્તમ પરિવાર, તથા એક છત્રરાજ્યપણું વિગેરે લાભ પ્રાપ્ત થાય છે. અને વળી દરિદ્રતા, દુર્ભાગ્યપણું, મૂર્ખપણું, દુષ્ટ પરિવાર, દુષ્ટ રાજા, તથા દુષ્ટ બુદ્ધિ આદિક દેવપૂજાથી દૂર જાય છે. તે પાસે આવતા નથી.

હથ્થડા તે સુલખણા, જે જીનવર પૂજંત;
એક પુણે બાહિરા, પરઘર કામ કરંત.

જે હાથ દેવપૂજા કરે છે તે હાથ ખરેખર પ્રશંસાને પાત્ર અને ધન્યવાદને લાયક થાય છે. અને દેવપૂજા વિનાનો હાથ નિરૂપયોગી ગણાય છે.

તિર્યંચ કે નારકીના જીવો દેવપૂજા કરી શકતા નથી પણ શુદ્ધ સમકીતને ધરનારા એવા દેવો અને મનુષ્યો જ દેવપૂજા કરી શકે છે. તિર્યંચો ભાવપૂજા કરે છે. દ્રવ્યપૂજા કરી શકતા નથી.

નિર્મળ ભાવવાળા ભવ્ય જીવોએ હંમેશાં દેવપૂજન કરવું, કે જેથી આ લોકમાં સૌભાગ્ય અને પરલોકમાં દેવલોક મળે છે, તથા અનુક્રમે સૂર્યાભની પેઠે મોક્ષ દેનારૂં થાય છે.

**સારબોધ**—શુદ્ધ દેવગુરૂની શુદ્ધ ભાવે સેવા, ભક્તિ ને સ્તુતિ કરનારા ભવ્યજનો ( ભાઈ બ્હેનો ) તેમના જેવા પૂજ્ય—પવિત્ર બની શકે છે. પ્રભુની પૂજા—ભક્તિનો યથાર્થ લાભ લેવા ઇચ્છનારા ભવ્યજનોએ અવિધિ દોષ ટાળવા અને વિધિનો આદર કરવા ઉજમાળ થવું જોઇએ. એથીજ અનુક્રમે અમૃત ક્રિયાનો લાભ મળી શકે છે. ગૃહસ્થ ભાઇ બ્હેનોએ પ્રભુની **અષ્ટપ્રકારી પૂજા** હંમેશાં તેના ઉત્તમ હેતુઓ લક્ષમાં રાખી જાતે કરવી અને બીજા અજ્ઞજનોને તે કરવા સમજાવવા.

૧ જળપૂજા—આત્મા સાથે લાગેલ અનાદિ કર્મ-મળ ટાળવાના શુભ હેતુથી.

૨ ચંદન ( વિલેપન ) પૂજા—રાગ દ્વેષ ને કષાય તાપને શમાવવા તથા સમતા-શીતળતા પ્રગટાવવા નિમિત્તે.

૩ પુષ્પપૂજા—ઉત્તમ સુગંધી તાજાં ખીલેલાં પુષ્પો કે પુષ્પોની ગુંથેલી માળા પ્રભુને નિઃસ્વાર્થ ભાવે સમર્પણ ચિત્તની પ્રસન્નતા મેળવવા નિમિત્તે.

૪ ધૂપપૂજા—અનાદિ કુવાસના ટાળી, આત્માની શુદ્ધ સુવાસના પ્રગટાવવા નિમિત્તે.

* શ્રી અમરચંદ તલકચંદ સીરીઝમાંથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ દીપપૂજા—અનાદિ અજ્ઞાન અંધકાર ટાળી, આત્માનો જ્ઞાનદિપક પ્રગટાવવા માટે.

૬ અક્ષતપૂજા—અખંડ ઉજ્વળ ચોખાવતી સ્વસ્તિકાદિ અષ્ટ મંગળ પ્રભુ આગળ આળેખવાનો વિધિ, અખંડ ઉત્તમ આત્માનું સ્વાભાવિક સુખ મેળવવા માટે.

૭ નૈવેદ્યપૂજા—અનાદિ વિષય વાસના ( રસ લોલુપતા ) ટાળી, સહજ અણહારી ગુણ પ્રગટાવવા.

૮ ફળપૂજા—ઉત્તમ સરસ ફળો ઢોકવાનું, સર્વથા દુઃખના અભાવરૂપ મોક્ષફળ મેળવવા માટે.

આવા ઉત્તમ લક્ષથી કરવામાં આવતી પ્રભુપૂજાથી અનુક્રમે પ્રભુ સ્વરૂપ થઇ શકાય છે.

# યેહિ વીર કે બાલ !

( હિન્દી તરજ–ભૈરવી. )

યેહિ વીર કે બાલ ! હમતો ! યેહિ !

જગદુદ્ધારક, ધર્મકેશરી, દિવ્ય દયા પ્રતિપાલ !
કર્મયોગિ ઔર કર્મવીર, દિલ જીસકા પૂર્ણ દયાલ ! હમતો !
રાગ, દ્વેષ, મદ, મોહ, માન કે, કટ્ટર કાલ કરાલ !
પ્રખર ભાનુ સત્‌જ્ઞાન ધ્યાન કે, પ્રકટત જીસકે ભાલ ! હમતો !
પડી ચરણ જંજીર ગુલામી, ભારત નયને જ્વાલ !
દુર્બલતા, અજ્ઞાન, અશ્રદ્ધા, કુસંપ મહાવિકાળ ! હમતો !
દિવ્ય જ્ઞાનસેં જગ ઉજવાલત, બ્રહ્મચર્ય પ્રતિપાલ !
નિજ જીવન આદર્શ હિન્દકો, દિયા **વીર** તત્કાલ ! હમતો !
ત્યાગ, શાંતિ, ઔર દિવ્ય દયાસે, જંજીર તોડી કરાલ !
**स्वदेश** કા સ્વાતંત્ર્ય દિયા, **वीर** સ્વદેશ વ્રત પ્રતિપાલ ! હમતો !
'અસહકાર' અનમૂલ સત્યાગ્રહ, કર્મશાયકા કાલ !
સ્વાશ્રયસે મુકિતપદ પ્રાપ્તિ, કીની જગત્ દયાલ ! હમતો
યેહિ **वीर सिद्धार्थ** કે નન્દન, **त्रिशला** માત કે બાલ !
"**मनिमय**" કરૂણા ભરત ભુમિ મેં, કરો **वीर** કરૂણાલ ! હમતો !

પાદરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## લાહોર—પંજાબમાં પ્રતિષ્ઠા તથા પદારોહણ મહોત્સવો.

## મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજને આચાર્ય પદવી અને પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજને ઉપાધ્યાય પદવી આપવા માટે તેમજ ત્યાંના જિનાલયમાં તેજ દિવસે કરવામાં આવેલા પ્રતિષ્ઠા મહોત્સવો.

સમયની બલિહારી છે ! ભાવિભાવ બળવાન છે ! આ હકીકત સિદ્ધ થઇ ચુકી છે. કહે છે કે પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ થયા પછી આ સમુદાયમાં કોને આચાર્ય સ્થાપવા એ સ્વાલ ચર્ચાયો હતો જે વખતે આ સમુદાયનો બ્હોળો ભાગ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને આપવાની તરફેણમાં હતો, છતાં ઉક્ત મહાત્માએ વડિલોની છાયામાં રહેવાનું અને લઘુતા પસંદ કરતાં ના કહી. જેથી આચાર્ય મહારાજ શ્રી કમળવિજયજી મહારાજને આચાર્ય પદવી અપાણી કે જે પસંદગી, એકમત–સાની સ્હાનુભૂતિના યોગે યોગ્ય થઇ હતી; પરંતુ ગુરૂરાજશ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ પછી જે મહાત્માની (મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની) શાસનસેવા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે, જૈનધર્મની પ્રગતિના અનેક કાર્યો સમયોચિત એક પછી એક તેઓશ્રીના પ્રયત્નથી વધતા જાય છે (જે હકીકત નીચે જણાવેલ છે.) અને તેવા કાર્યોથી આચાર્યપદની લાયકાત પણ પ્રાપ્ત થયેલ છે, તેવા મહાપુરૂષની ઇચ્છા વગર તે પદ આપવાનું તે વખતે મુલતવી રહ્યું હતું, પરંતુ આજથી પચીશ વર્ષ પહેલાં જેમનું નામ બોલાઇ રહ્યું હતું, અને તે પછી શુમારે ત્રણ દશકાના દરમ્યાનમાં કુદરતે તે મહાપુરૂષની શાસનસેવા આખી જૈન સમાજને ખુલ્લી રીતે બતાવી આપી. તેવા મહાપુરૂષ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને પંજાબના એકત્રીત ચતુર્વિધ જૈન સંઘે આચાર્ય પદ અને પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજને ઉપાધ્યાય પદ માહા શુદ ૫ સોમવારે સવારના સાડાસાત વાગે આપવામાં આવ્યું અને એક મુનિરાજના મુબારક હસ્તે જે પ્રતિષ્ઠા થવાની હતી તે ભાવિભાવ બળવાન થવાથી, એક આચાર્યશ્રીના મુબારક હસ્તે બે કલાક પછી સાડાનવ ને પાંચ મિનિટે પ્રતિષ્ઠા થઇ. એવા બે મહોત્સવો પંજાબના જૈન સંઘના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે કોતરાઇ રહે તેમ બન્યા છે. પ્રાતઃસ્મરણીય વિજયકમળસૂરીશ્વરજી મહારાજને આચાર્યપદવી અપાતા પહેલાં આખા સમુદાયના વિચારો જાણવા જેમ પ્રયત્ન થયેલો, તેમ આ વખતે પણ શ્રી પંજાબના સંઘે પ્રવર્તકશ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજીશ્રી સંપતવિજયજી મહારાજ દિક્ષા પર્યાયે મોટા હોવાથી તેઓશ્રીની સમ્મતિ મંગાવેલી. જેથી તે ત્રણે નિરભિમાની મહાપુરૂષોએ સમયને માન આપી સમ્મતિ આપવામાં ખરેખર જેમ ડહાપણ વાપર્યું છે, તેમ સમુદાયની મહત્વતા, અને ગૌરવતા સાચવવામાં પોતાના હક્કનો કિંમતિ ભોગ આપ્યો છે, જેથી તેઓ હજારો ધન્યવાદને પાત્ર છે, તેવીજ રીતે પંન્યાસજીશ્રી લલિતવિજયજી મહારાજ તથા પંન્યાસજીશ્રી ઉમંગવિજયજી મહારાજ પણ પંન્યાસજી શ્રીસોહનવિજયજી મહારાજથી મોટા હોવાથી તેઓશ્રીની પણ શ્રી પંજાબના સંઘે લેખીત સમ્મતિ મંગાવેલ હોવાથી પંન્યાસજી શ્રી સોહનવિજયજીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંજાબની શાસનની સતત સેવા અને ભવિષ્યની ઉચ્ચ ભાવનાથી. પ્રેરાઇ પંન્યાસજીશ્રી લલિતવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજે પણ પોતાની નિરભિમાની વૃત્ત બતાવી પોતાના હક્કનો તેવો જ ભોગ આપી પંન્યાસજીશ્રી સોહનવિજયજી મહારાજને ઉપાધ્યાય પદવી આપવા ( પોતાના માટેના પદનો પ્રતિકાર કરતાં ) જે સમ્મતિ આપેલ છે જેથી તે બંને મહાત્માઓ પણ તેવા જ ધન્યવાદને પાત્ર છે. ધન્ય છે આવા મહાત્માઓને !

મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કે જેને પંજાબના શ્રીસંઘે આચાર્ય પદથી વિભૂષિત કર્યા છે, તેઓશ્રીની આચાર્ય પદવીની યોગ્યતા, યથાર્થતા, અગત્યતા, સર્વ જન માન્યતા, ઉપયોગીતા, આદિ વર્ણનીય બાબતોનું વર્ણન અત્રે આપવું અસ્થાને નથી. સ્વર્ગવાસી ગુરૂરાજ આત્મારામજી મહારાજ પોતાનો અખુટ ખજાનો આચાર્યશ્રી વલ્લભવિજયજી મહારાજને આપી ગયા છે; તેટલુંજ નહીં પરંતુ પંજાબનો સર્વ હક્ક પણ આ મહાત્માનેજ આપી ગયા છે. જ્યારે પંજાબના શ્રીસંઘે ગુરૂરાજ આત્મારામજી મહારાજને એક વખત પુછેલું કે આપ હજારો વર્ષ જીવો; પરંતુ આપના પાછળ અમારી દોરી કોના હાથમાં સોંપી જાઓ છો ? ત્યારે સ્વર્ગવાસી ગુરૂ મહારાજના મુખથી એજ વચનો નીકળ્યા હતા કે ભાઇઓ ફીકર નહીં કરો. મારી પાછળ "વલ્લભ" તમારી ધર્મ ભાવનાઓને જરૂર સિંચન કરશે. ( આજે એજ વચનો સત્ય થયાં છે. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ધર્મધ્વજ ફરકાવી રહ્યા છે અને ફરકાવશે ) તે સિવાય પાલણપુરમાં સ્કોલરશીપ ફંડ કરેલ જે ચાલુ છે, મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય ચાલે છે, જુનાગઢમાં શ્રી વીશા શ્રીમાળી જૈન બોર્ડીંગ, વેરાવળમાં બે સંસ્થાઓ, પાલણપુરમાં જૈન બોર્ડીંગ, શેઠ મોતીલાલ મુળજીના અનેક ધાર્મિક ખાતાઓ, ગોલવડ–મારવાડમાં લાખની રકમ, તેમજ સાદડીમાં, બીયાવરમાં પાઠશાળા, બીકાનેરમાં હાઇસ્કુલ માટે ફંડ અને ત્યાંની પાઠશાળાની ઉચ્ચ સ્થિતિ, પંજાબમાં સાડાત્રણ લાખનું કેળવણી માટેફંડ, અંબાલામાં હાઇસ્કુલ, હસ્તીનાપુર તથા કાંગડા જેવા પ્રાચીન તીર્થોનો ઉદ્ધાર, સમાણા, લાહોર આદિ ગામોમાં નવા મંદિરો અને પ્રતિષ્ઠા, પંજાબમાં ગુરૂરાજના નામની ઠામોઠામ પાઠશાળા, અમૃતસર, અંબાલા આદિમાં સેન્ટ્રલ લાઇબ્રેરીઓ અને આ વર્ષે પોતાના સુશિષ્યોને મુંબઇ મોકલી મહાવીર વિદ્યાલય માટે વધારે ફંડ કરાવવામાં કરવામાં આવેલો પ્રયાસ, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીને આભારી હોઇ કરેલી શાસનસેવા જગજાહેર છે; તેમજ નભા, પાલણપુર, લીમડી, નાંદોદ, વડોદરા આદિના નરેશોને સમયાનુસાર બોધ આપી જૈનદર્શન સત્ય સિદ્ધ કરી બતાવ્યું છે. તેઓશ્રીની ત્યાગવૃત્તિ, સાદાઇ વગેરે જોઇ હજારો મનુષ્યો પ્રશંસા કરી રહ્યા છે અને પંજાબ, રજપુતાના, દક્ષીણ મહારાષ્ટ્ર, ગુજરાત આદિ અનેક દેશમાં તેમનું વિદ્વાન શિષ્ય મંડળ વિચરી અનેકાનેક ઉપકાર કરી રહ્યું છે. આવા આવા અનેક શાસનસેવાના ઉચ્ચ કાર્યો ગુરૂરાજના સ્વર્ગવાસ પછી શુમારે ત્રણ દશકા સમાજ સેવા કરેલી હોવાથી પંજાબના શ્રી સંઘે હજારો મનુષ્યોના વચ્ચે અપૂર્વ મહોત્સવ અને આનંદ સાથે મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને આચાર્યપદ પં. શ્રી સોહનવિજયજી મહારાજને ઉપાધ્યાય પદારોહણ કર્યું છે. ઘણા વર્ષોથી ઘણા શાસન ભક્તોની માંગણી અધિષ્ટાયક દેવે બર આણી છે. આ વખતે મુંબઇથી શેઠ મોતીલાલ મુળજીભાઇ, શેઠ ગોવિંદજી ખુશાલભાઇ વીકાનેર નિવાશી શેઠ સુમેરમલજી સુરાણા વગેરે આગેવાનોનું ડેપ્યુટેશન આ મહોત્સવ પ્રસંગે ગયું હતું. આ આનંદદાયક સમાચાર વીજળીના ઝડપે આખાહિંદમાં ફેલાતાં ગામોગામથી સંઘના ભક્તોના આચાર્ય પદવી પ્રદાન માટે પંજાબના સંઘ ઉપર તારો તથા પત્રો ગયા હતા. આચાર્યપદ મહોત્સવ થયા પછી પણ સાંભળવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે મુંબઈથીઘણી મોટીસંખ્યામાં તારો ( શ્રી સંઘ તથા ભક્તોના ) તેમજ શ્રી ભાવનગરના જૈન સંઘ વિગેરેના અનેક તારો હર્ષ પ્રદર્શિત કરતા પંજાબ સંઘ ઉપર ગયા હતા. અમદાવાદ, જામનગરવગેરે ઘણા સ્થળેથી મુનિ મહારાજાઓ. જૈન સંઘ અને ગૃહસ્થોના મોટી સંખ્યામાં અભિનંદનના તારો લાહોર શ્રી સંઘ ઉપર પણ ગયા હતા. અમદાવાદ વગેરે અનેક ગામના દેરાસરોમાં ખુશાલી નિમિત્તે પૂજા ભણાઇ હતી. એ રીતે આચાર્ય તથા ઉપાધ્યાય પદારોહણનો તથા પ્રતિષ્ઠા મહોત્સવનો આનંદ વરતાયો હતો. ( મળેલું. )

પંજાબના શ્રી સંઘે વિદ્વાન મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને આચાર્ય પદ તથા પં. સોહનવિજયજી મહારાજને ઉપાધ્યાય પદ બહુ ભક્તિ અને મહોત્સવ સાથે આપેલ છે તેની ખુશાલી નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે પોતાના મકાનમાં માગશર શુદ ૧૫ ના રોજ પ્રભુજી પધરાવી શ્રી પંચ પરમેષ્ઠીના પૂજા ભણાવી ગુરૂ ભક્તિ દર્શાવી હતી.

## શ્રી છાણી અને અમદાવાદમાં આચાર્યપદારોહણ.

આજ દિવસે છાણીમાં **શ્રીમાન્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજે પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ** અને વ્યા. વાચસ્પતિ મુનિરાજ **શ્રી લબ્ધિવિજયજી મહારાજને** આચાર્ય પદવીઓ અને અમદાવાદમાં **શ્રીમાન્ વિજયસિદ્ધિસૂરીશ્વરજીએ પંન્યાસજી શ્રી મેઘવિજયજી મહારાજને** આચાર્ય પદવી આપી છે.

## માળારોપણ.

**પાલીતાણા**—પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી. પં. શ્રી ધર્મવિજયજી તથા પં. શ્રી પદ્મવિજયજીના નેતૃત્વપણા નીચે ઉપધાન વહન કરાવવામાં આવેલ તેની પૂર્ણાહૂતિ થતાં માગશર શુદ ૫ ના રોજ માળારોપણ મહોત્સવ થયા હતા, તેવીજ રીતે છાણીમાં પણ થયેલ ઉપધાન નિમિત્તે માળારોપણનું મુહુર્ત તેજ રોજ હોવાથી આચાર્ય **શ્રી વિજયકમલસૂરીજી** તથા **પંન્યાસજી શ્રી દાનવિજયજી**ના નેતૃત્વપણા નીચે માળારોપણ તથા અઠ્ઠાઇ મહોત્સવ વગેરે થયાં હતા તેવીજ રીતે ડભોઈમાં **શ્રી વિજયમોહનસૂરિ**ના નેતૃત્વપણા નીચે ઉપધાન વહન થતાં માળારોપણ મહોત્સવ તેજ રોજ થયો હતો.

## વાસ્તુ મહોત્સવ.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**—ભાવનગર માટે રાણપુર નિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસની સહાયથી એક સારૂં મકાન બંધાવવામાં આવ્યું છે તેનું વાસ્તુ ( પ્રવેશ ) મુહૂર્ત માગશર શુદ ૧૦ શુકરવારે ધાર્મિક ક્રિયા સાથે કરવામાં આવ્યું છે. આ મકાનને સગવડ ભર્યું કરવા માટે શેઠ કુંવરજી આણંદજી અને સંઘવી દામોદરદાસ નેમચંદ વગેરેની પુરતી કાળજી માટે ધન્યવાદ ઘટે છે અને આ સભાને પ્રાપ્ત થયેલ આ મકાન માટે અમો પણ અમારી ખુશાલી જાહેર કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જેથી આભાર સાથે સ્વિકારીએ છીયે.

૧ શ્રી પર્યુષણા પર્વાષ્ટાહ્નિકા વ્યાખ્યાનમ્—મુનિ મહારાજ વિનય વિજય મહારાજ જામનગર.
૨ શાહ કે બાદશાહ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર.
૩ સંયમ શ્રેણી ગર્ભીત શ્રી મહાવીરસ્તવ
૪ ઉપધાન વિધિ
૫ અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા
૬ પાંડવચરિત્ર મહાકાવ્યમ્
૭ સત્યશ્રી હરિશ્ચંદ્ર નૃપતિ
૮ ષષ્ઠિશતક પ્રકરણમ્
(૩ થી ૮) શ્રી સત્યવિજય ગ્રંથમાળા અમદાવાદ.
૯ શ્રી દક્ષીણ મહારાષ્ટ્ર જૈનશ્વેતાંબર બોર્ડીંગ સાંગલીનો રીપોર્ટ સં. ૧૯૭૭થી સં. ૯૭૯

## " શ્રીપાલ રાજાનો રાસ—અર્થ સહિત. "

સં. ૧૭૨૬ ની સાલમાં અંચલ ગચ્છના મુનિરાજ શ્રી ન્યાયસાગરજી મહારાજે રચેલો છે. પૂર્વાચાર્યશ્રી રત્નશેખરસૂરિના રચેલા ગાથાબંધ ચરિત્રને અનુસરી આ કૃતિ રચેલ છે, છતાં પણ જે હાલમાં શ્રી તપગચ્છમાં વંચાતા શ્રી વિનયવિજય મહારાજની કૃતિની પહેલાંની આ થયેલ છે એમ જણાય છે. અર્થ વિસ્તારથી આપવામાં આવેલ છે. આપણે જયારે આશો, ચૈત્ર શુદ ૭થી સુદ ૧૫સુધી ઓળી ગણાય છે ત્યારે આ ગ્રંથમાં ચૈત્ર આશો શુદ ૮થી વદી ૧ સુધા તે દિવસો જણાવેલા છે. આ રાસની ભાષા પ્રાચીન મારવાડી ભાષાથી મીશ્રીત ગુજરાતી હોઇ અઢારમા સૈકામાં ગુજરાતી ભાષા કેવી હતી તે જણાય છે. શેઠ ખીમજી હંસરાજ મંજલ રેલડીયા નિવાસીની સહાયથી પ્રકટ કરેલ છે છતાં પુસ્તકના પ્રમાણમાં કિંમત ચાર રૂપીયા વધારે જણાય છે. અશુદ્ધિ ઘણી રહી જવાથી ગ્રંથ શુદ્ધિપત્ર માટે આપેલ ૧૧ પાના છપાતી વખત જોનારનો બીન અનુભવ કે બેકાળજી ગણાય. રાસ વાંચવા જેવો છે. જેથી પ્રકટકર્તાને તેની કિંમત ઓછી કરવા ભલામણ કરવામાં આવે છે.

## " શ્રાદ્ધગુણ વિવરણ હિંદી ભાષાંતર ભાગ ૧ લો. "

શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટીની તરફથી પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથ અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. મૂળ તથા ગુજરાતી ભાષાંતર બંને જો કે આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. પરંતુ પંજાબ, બંગાળ, મારવાડના જૈન બંધુઓને ઉપકારક થવા માટે આવા શ્રાવકોપયોગી ગ્રંથની હિંદ ભાષામાં પ્રકટ થવાની જરૂરીઆત હતી, તે શ્રી પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજે સમાજના ઉપકાર માટે વિદ્વત્તાથી લખી આપીને ત્યાંના બંધુઓની આવશ્યકતા પુરી પાડી છે. આમાં પ્રથમ ગુણનું વર્ણન આપવામાં આવેલ છે. દરેકે દરેક જૈન કે જૈનેતર કોઇપણ મનુષ્યને ઉપયોગી છે તે માટે બેમત છેજ નહિં. ઉપરોકત સોસાઇટી સમાજ ઉપયોગી આવા અનેક ગ્રંથો પ્રકટ કરી સાહિત્ય પ્રચારનું કાર્ય કરી રહેલ છે કિંમત રૂા. ૦–૨–૦ પોસ્ટેજ જુદું.

## " લાલા લજપતરાય અને જૈનધર્મ. "

ભારતકા ઇતિહાસ નામનો ગ્રંથ લાલા લજપતરાયે લખી તેમાં જૈનધર્મ અને જૈન તીર્થંકરોના સંબંધમાં તેમણે જે ભૂલ ભરેલા વિચારો દર્શાવ્યા છે, તેનો યોગ્ય ખુલાસો વિગતવાર આપવા જયારે ઘણા વખત કોઇ બહાર ન આવ્યું ત્યારે તે જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજે પરિશ્રમ લઇ તે સંબંધી એક લેખ લંબાણુથી લખી જૈનધર્મની સેવા કરી પુસ્તકદ્વારા શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળદ્વારા પ્રકટ થયેલ છે. દેશમાં નેતા ગણાતા આવા વિદ્વાન પુરૂષ લાલાલજપતરાયે પ્રથમ જાણ્યા કે માહેતગાર થયા પછી કોઇપણ ધર્મ માટે લખવું જોઇએ, પરંતુ તેમ ન કરતાં તેમના તે ઇતિહાસના પુસ્તક માંહેના લેખમાં જૈનધર્મ સંબંધી કરેલી ભુલ પુસ્તકો લેખ વગેરેદ્વારા જણાવ્યા છતાં તેનો સ્વીકાર કરી ન સુધારે તે ખેદજનક છે. દેશની સેવા કરતાં કોઇ પણ મનુષ્યે કોઈપણ મનુષ્ય કે કોમના ધર્મમાં વગર વિચારે જાણ્યે હાથ નાંખવો કે તે સંબંધે કાંઈપણ લખવું તે તે કોમના મનુષ્યનું મન દુખાવવા જેવું અને છેવટે તે કોમ સાથે કુસુંપ થવા જેવું અમો લેખીયે છીએ. જેથી આવા ઐકયતા કરવાના જમાનામાં બીજાઓએ તેવું ભુલ ભરેલું કૃત્ય કરવું યોગ્ય નથી.

**"શ્રી મહાવીર જૈન વિદ્યાલય"** નો નવમો વાર્ષિક રીપોર્ટ અમોને મળ્યો છે. કેળવણીના ઉત્તેજનાર્થે મુંબઇ જેવા ઉંચ કેળવણી લેવાના સ્થાનમાં જે જરૂરીયાત હતી તે પુરી પડી છે. કમીટી અને સેક્રેટરીઓની સુવ્યવસ્થાથી આ સંસ્થા અત્યારે પ્રથમ દરજ્જો ધરાવે છે. પરમ કૃપાળુ સમાજ ઉપકારી મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની અપૂર્વ લાગણીથી તેનો જન્મ થયો છે. અને તેઓશ્રી દૂર છતાં તેના ઉપર તેવીજ લાગણી છે; કારણ કે હાલમાં પૈસાની જરૂરીયાત જણાતાં પંજાબ બિરાજતાં છતાં તેઓશ્રીના જેવીજ લાગણી ધરાવનારા તેઓના વિદ્વાન શિષ્ય પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજ આટલા દુર દેશથી તે આજ્ઞાવંત શિષ્ય મહાત્માએ પણ પોતાની અપૂર્વ લાગણી પ્રદર્શીત કરવા વિહાર કરી મુંબઇ પધારી ઉપદેશદ્વારા આ સંસ્થાને જે સહાય કરી રહ્યા છે તે જૈન કોમે ભૂલી જવા જેવું નથી; પરંતુ ઉકત મહારાજશ્રી આટલે દૂર આપણા માટે આવું કષ્ટ સહન કરી જયારે અત્રે પધારેલ છે, તો તેઓશ્રીનો તે પ્રયત્ન સફળ થવા જૈન કોમે તેઓશ્રીનો ઉપદેશ વધાવી લઇ એક સારી રકમ આ સંસ્થાને ભેટ કરી દેવાની જરૂર છે કે જેથી ભવિષ્યમાં આ જાતની ચિંતામાંથી આ સંસ્થા મુક્ત થાય અને જૈન કોમના વિદ્યાર્થી બાળકો કેળવણીમાં વિશેષ પ્રગતિ કરે. અમો તેનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

**શ્રી મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કરમંડળ** તથા જૈન સંસ્કૃત પાઠશાળા બંનેના સં. ૧૯૭૭ ૭૮-૭૯ના રીપોર્ટો મળ્યા છે. ઉપરોકત સંસ્થાઓ જૈનબંધુ વેણીચંદ ભાઇ સુરચંદના સુપ્રયત્નના ફળ રૂપે છે. હિસાબ અને વહીવટની ચોખવટ છે. છતાં હાલ જે વ્યવસ્થા ચાલે છે, તેમાં જમાનાને અનુસરી સુધારો વધારો કરવાની જરૂર છે. આવી અનેક સંસ્થાઓની દરેક જીલ્લામાં જરૂર છે. વેણીચંદભાઇએ રોપેલ આ વૃક્ષને નિભાવવા-રક્ષણ કરવા, પ્રગતિ કરવા બીજા આત્મભોગી જૈનબંધુઓએ તૈયાર થવાની જરૂર છે. અમો આ સંસ્થાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

જાગૃતિ—શ્રી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિહિતના માસિકનો પ્રથમ અંક અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. પોતાની જ્ઞાતિનું શ્રેય સાધવા, કલેશો દૂર કરી ભ્રાતૃભાવ વધારવા, જ્ઞાતિમાં કેળવણીનો પ્રચાર કરવા, જ્ઞાતિના રીત રિવાજોમાં સમયાનુસાર સુધારો કરવા અને દેશની ઉન્નતિ કાર્યોમાં જ્ઞાતિજનોના ઉત્સાહ વધારવા વગેરે કાર્યો કરવા માટે આ માસિક પોતાના ઉદ્દેશમાં જણાવે છે. વણીક કોમ જેવી ઉંચ કોમની થતી અવનતિમાં અટકાવવામાં પણ દેશમાં આવા માસિકોની જરૂરીયાત છે અને તેનો પ્રથમ ઉપોદ્‌ઘાત જોતાં તેના તંત્રી મહાશયોનો જ્ઞાતિની સેવા કરવાનો અભિલાષ જણાય છે. એકંદર તમામ લેખો જ્ઞાતિને જાગૃતિ કરવા માટેનાજ ખાસ વાંચવા જેવા છે. અમે તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન રૂપ છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કપડાના પાકા બાઈંડીંગથી અલંકૃત કરેલ છે. એક હજાર પાનાના આ બે ગ્રંથની કીંમત રૂ. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

આ બંને પ્રભુ ચરિત્રો ઘરમાં, પુસ્તકાલયમાં, નિવાસ સ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ મનન માટે કોઇપણ પાસે ( બંને ગ્રંથો ) હોવા જોઇએ.

---

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટસ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ( ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૨ નવતત્ત્વ ભાષ્ય ( ભાષાંતર )
૧૩ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૪ શ્રી કુમારપાળ પ્રતિબોધ.
( અનેક ઉપદેશક કથાનુસંગ્રહ )

નંબર ૯–૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ના ગ્રંથમાં મદદની અપેક્ષા છે.

---

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

| | |
|---|---|
| ૧ પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧–૮–૦ |
| ૨ સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |
| ૩ શ્રીનેમનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો | ૨–૦–૦ |
| ૫ શ્રીસુપાર્શ્વનાથચરિત્ર બીજો ભાગ. | ૨–૮–૦ |
| ૬ આત્મ પ્રબોધ. | ૨–૮–૦ |
| ૭ શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી ખાસ ગ્રંથ. | ૧–૮–૦ |
| ૮ શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. | ૨–૦–૦ |
| ૯ શ્રીજંબુસ્વામી ચરિત્ર આદર્શ મહાપુરૂષચ. | ૦–૮–૦ |
| ૧૦ શ્રી ચંપકમાલા સતી ચરિત્ર–આદર્શ સ્ત્રી ચરિત્ર. | ૦–૮–૦ |
| ૧૧ સંબોધસિત્તરી–જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧–૦–૦ |
| ૧૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ઇતિહાસિક કથા ગ્રંથ. | ૧–૦–૦ |
| ૧૩ શ્રી વિવિધ પૂજા સંગ્રહ ( તદ્દન નવીન પૂજાનો સંગ્રહ. ) | ૧–૮–૦ |
| ૧૪ આદર્શ જૈન સ્ત્રીરત્નો. | ૧–૦–૦ |

---

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ ભાવસાર હેમચંદ ગાંડાલાલ | ભાવનગર | બી. વ. લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ માણેકચંદ જેચંદ | ” | ” |
| ૩ શેઠ કેશવલાલ મગનલાલ ઠાકરશી | અમદાવાદ | ” |
| ૪ શા. નરભેરામ ચત્રભુજ વડાલવાળા | ભાવનગર | પે. વ. વા. મેમ્બર. |
| ૫ ડોકટર પોપટલાલ છગનલાલ | ” | ” |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધાર્મિક શિક્ષણની પાઠમાળા.

ખાલી પુસ્તકો પઢવાથી ધાર્મિકતા આવતી નથી. ધાર્મિકતા એ એક સાત્વિક અને અંતર્મુખી વૃત્તિ છે. ધાર્મિકતા જાગૃત થવામાં મુખ્ય મદદ આપનાર ઇશ્વરકૃપા, આત્મપરીક્ષણ, પશ્ચાતાપ, વિચારમય જીવન અને સત્સંગતિ એ છે. ધર્મ એ ખાલી માહિતી નથી પણ કેળવણી ( Culture ) છે. ઘોડાને જે પ્રમાણે પલોટીને તૈયાર કરે છે, લોઢાને જે પ્રમાણે પાણી પાય છે, ચામડાને જે પ્રમાણે કમાવીને નરમ બનાવે છે, આટાને જે પ્રમાણે કેળવવામાં આવે છે, મૂળમાં ખાતર ભરીને અને વધારે પડતાં ફાલેલાં ડાળાંપાખરાં છાંટીને જે પ્રમાણે ફળફૂલને જોર આપે છે, તે જ પ્રમાણે શરીર અને ચિત્તવૃત્તિ કેળવવાં પડે છે. ધાર્મિક તત્વજ્ઞાનની બિલકુલ ખબર ન હોય અને છતાં અત્યન્ત ધાર્મિક હોય એવા માણસો આપણા જોવામાં આવે છે. બીજી તરફ સર્વ ધર્મોને પી ગયેલા છતાં ધર્મવિમુખ એવાઓ પણ આપણે જોઈયે છીયે. કેવળ સૂપશાસ્ત્રનાં પુસ્તકો વાંચ્યા એટલે રસોઇ બનાવતાં આવડતી નથી અથવા તરવાના શાસ્ત્ર ઉપરનાં પુસ્તકો ભણીને માણસ તારો બની શકતો નથી, તે જ રીતે ફકત ધર્મગ્રંથ કે પાઠમાળા વાંચવાથી કંઈ ધાર્મિકતા આવતી નથી. ગ્રંથ વડે બુદ્ધિની આકલનશકિતને ટેકો મળે છે, પણ ધાર્મિકતામાં તો ઇચ્છાશકિત કેળવવાની હોય છે. આ ઈચ્છાશકિત અભ્યાસ, વૈરાગ્ય, શ્રદ્ધા અને સત્સંગતિ એટલાં વાનાંથીજ પોષાય છે. એનો અભાવ હોય તો પુસ્તકો વાંચવાથી કેવળ પાંડિત્ય અને દંભ જ પેદા થાય છે. માટે ધાર્મિક ગ્રંથ કિંવા પાઠમાળા, યોગ્ય માણસે યોગ્ય પ્રકારે અને તેનાથીયે મહત્વનું યોગ્ય વખતે શીખવવી જોઇયે.

આટલી ચેતવણી આપ્યા બાદ પાઠમાળા કેવી હોવી જોઈયે તે વિષે અહીં નોંધ આપવામાં આવે છે.

શિક્ષણશાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રથમ વાર્તા, પછી વર્ણન, તે પછી ઈતિહાસ, તે પછી તત્વજ્ઞાન, તત્વજ્ઞાન પછી બીજા ધર્મો સાથે તુલના અને આખરે ધર્મસંશોધન; આવો ક્રમ રાખવો જોઈયે. ધાર્મિક શિક્ષણમાં ફતેહ મેળવવાની ખરી ચાવી એ છે કે વિદ્યાર્થીની અંદર પ્રેમાળતા, વિનય અને આદરભાવ જાગૃત થાય. ધાર્મિક શિક્ષણ દીધું અને આદરભાવનો લોપ કર્યો તો પછી શિક્ષણ દીધું ન દીધા બરાબર છે.

" કાલેલકરના " લેખોમાંથી.

For Private And Personal Use Only